RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 411 Dt. 27-08-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

### પડોશી દેશ નેપાળમાં કુદરતે દેખાડ્યું અત્યંત રૌદ્ર સ્વરૂપ

# નેપાળમાં જળપ્રલય : ૯૫ મોત

## ૧૩૩ ભારતીયો સહિત કુલ ૧૦૦૦ લાપતા : કુદરતનો કહેર: તિબેટ સરહદે અચાનક આવેલું વિનાશક પૂર અને માળખાગત સુવિધાઓનો સર્વનાશ

નવી દિલ્હી, તા.૨૬

પડોશી દેશ નેપાળમાં કુદરતે પોતાનું અત્યંત રૌદ્ર સ્વરૂપ દેખાડ્યું છે. નેપાળની તિબેટ સાથે જોડાયેલી સરહદ પર આવેલા રસૂવા વિસ્તારમાં અચાનક આવેલા ભયાનક પૂરને કારણે ભારે ખાનાખરાબી અને વિનાશ સર્જાયો હોવાના હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. તિબેટથી નેપાળ તરફ વહેતી ભોટેકોશી નદીમાં પાણીનું સ્તર અચાનક ભયજનક સપાટી વટાવી જતાં આ જળપ્રલય આવ્યો હતો. આ ભયાનક પૂરમાં નદીના કિનારે આવેલા કેટલાય હર્યાભર્યા ગામો જોતજોતામાં તણાઈ ગયા હતા. પૂરનું પાણી એટલું પ્રચંડ અને વેગવંતુ હતું કે તે પોતાની સાથે કરોડો રૂપિયાના ખર્ચે બનેલા વીજ પ્રોજેક્ટ્સ અને મજબૂત પુલોને પણ તાંતણાની જેમ વહાવી ગયું હતું. આ ભીષણ અને અણધાર્યા પૂરના કારણે અત્યાર સુધીમાં કુલ ૧૩ જેટલા મોટા જળવિદ્યુત (હાઇડ્રોઇલેક્ટ્રિક) પ્રોજેક્ટ્સને ભારે નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત રસ્તા પર રહેલા અનેક નાના-મોટા વાહનો પણ પાણીના અતિ તેજ પ્રવાહમાં તણાઈ

ગયા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે.

નેપાળ હંમેશાથી વિશ્વભરના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે, પરંતુ આ કુદરતી આફતે પ્રવાસીઓ પર કાળો કહેર વર્તાવ્યો છે. નેપાળના પ્રવાસન બોર્ડે આપેલી સત્તાવાર માહિતી મુજબ, આ દુર્ઘટનામાં ૧૪૨ ભારતીય સહિત ૨૯૧ વિદેશી નાગરિકો પૂર બાદ ગુમ થયાની પ્રાથમિક માહિતી મળી હતી. બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ ૯૩ નેપાળી નાગરિકો પણ પોતાના જ દેશમાં લાપતા બન્યા છે. તાજા અને સત્તાવાર અહેવાલો અનુસાર આ સમગ્ર હૃદયદ્રાવક ઘટનામાં અત્યાર સુધીમાં ૯૫ લોકોના કમકમાટીભર્યા મોતની પુષ્ટિ થઈ ચૂકી છે, જ્યારે નેપાળમાં ગુમ થયેલા લોકોનો કુલ આંકડો ૪૬૩ સુધી પહોંચી ગયો છે. આ લાપતા થયેલા લોકોમાં ૧૩૩ ભારતીય, ૫૨ અન્ય વિદેશી અને ૧૩ નેપાળી નાગરિકોનો સમાવેશ થાય છે. આ આંકડાઓ હજુ પણ વધવાની દહેશત છે.

નેપાળ પ્રવાસન બોર્ડ દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ અને વિગતો મુજબ, આ હચમચાવી દેનારી ઘટના બુધવારે સવારે લગભગ ૮:૩૦ વાગ્યે અચાનક બની હતી. બોર્ડે જણાવ્યું છે કે ટુરિસ્ટ પોલીસ અને સ્થાનિક પ્રશાસન અન્ય લોકો સાથે મળીને લાપતા પ્રવાસીઓની રાત-દિવસ સઘન શોધખોળ કરી રહ્યા છે. અલગ-અલગ ટ્રાવેલ કંપનીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ફસાયા છે.

સ્માર્ટ ટુર્સ એન્ડ ટ્રાવેલની સેવાઓ લેનારા ૫૯ ભારતીય પ્રવાસીઓ, કાઠમંડુ હોલિડે ટૂર એન્ડ ટ્રાવેલની સેવાઓ લેનારા ૧ ઓસ્ટ્રેલિયન અને ૧ નેધરલેન્ડના પ્રવાસી, લીફ હોલિડેની સેવાઓ લેનારા ૪૬ ભારતીય પ્રવાસીઓ ગુમ છે. આ ઉપરાંત કૈલાશ જર્નીની સેવા લેનારા કુલ ૩૧ મુસાફરો લાપતા છે, જેમાં ૨૬ વિદેશી નાગરિકો છે. ટ્રેકર્સ સોસાયટીની સેવા લેનારા ૭૭ પ્રવાસીઓ અને રિચા ટુર્સ એન્ડ ટ્રાવેલની સેવા લેનારા ૮ લોકો ગુમ હોવાના અહેવાલ છે. ફિશટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની સેવાઓ લેનારા ૩ અમેરિકન અને ૧૭ મલેશિયાઈ પ્રવાસીઓ, હિમાલયન ગ્લેશિયરની સેવાઓ લેનારા ૩૭ અપ્રવાસી ભારતીયો (NRI) અને અલ્પાઇન ઇકો ટ્રેકની સેવાઓ લેનારા યુકેના ૧૨ અને દક્ષિણ આફ્રિકાના ૪ પ્રવાસીઓ પણ લાપતા છે. તેમની સાથે માર્ગદર્શક તરીકે ગયેલા ૯૩ નેપાળી નાગરિકો પણ ગુમ હોવાની પ્રાથમિક માહિતી છે. આ તમામ આંકડાઓની ટૂર એજન્સીઓ, ગાઈડો અને સુરક્ષા અધિકારીઓ દ્વારા સતત પુષ્ટિ કરાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

### પાડોશી રાજ્યો પર ખતરો

નેપાળમાં આવેલી આ અણધારી આપત્તિની સીધી અસર ભારતના સરહદી વિસ્તારો પર પડી રહી છે. નેપાળના અચાનક આવેલા પૂરને કારણે બિહાર અને ઉત્તર પ્રદેશના સરહદી વિસ્તારોમાં હાઇ એલર્ટ જાહેર કરાયું છે. બિહારમાં આપત્તિ વ્યવસ્થાપન વિભાગે ગંડક નદીમાં ફ્લેશ ફ્લડ (અચાનક પૂર) નું એલર્ટ જાહેર કર્યું છે. નેપાળ–ચીન બોર્ડર નજીક ત્રિશૂલી નદીનું જળસ્તર ભયજનક રીતે વધતાં ગંડક અને કોસી નદીઓમાં પૂરનું જોખમ વધ્યું છે. ખતરાને ધ્યાનમાં રાખીને મુખ્ય સચિવની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ છે, જેમાં NDRF અને SDRF ને પોતાની તમામ તૈયારીઓ પૂર્ણ કરવા જણાવાયું છે. ખાસ કરીને પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, ગોપાલગંજ, સારણ, મુઝફ્ફરપુર અને વૈશાલી એમ કુલ ૯ જિલ્લાઓમાં વિશેષ તકેદારી રાખવાના કડક નિર્દેશ આપવામાં આવ્યા છે. તમામ જિલ્લા મેજિસ્ટ્રેટોને નદીના જળસ્તર, તટબંધો, નીચાણવાળા વિસ્તારો, પુલો અને અન્ય સંવેદનશીલ વિસ્તારો પર સતત નજર રાખવા તેમજ સ્થાનિક સમુદાયને સમયસર એલર્ટ કરવા સૂચના અપાઈ છે.

### હેલ્પલાઇન અને ઇમરજન્સી સંપર્ક

આ કટોકટીના સમયમાં ગુમ થયેલા લોકોના પરિજનોની ચિંતા ઘટાડવા માટે નેપાળ પ્રવાસન બોર્ડ દ્વારા ઇમરજન્સી નંબરો જાહેર કરાયા છે. બોર્ડના સત્તાવાર નિવેદન મુજબ, કોઈપણ કટોકટીની સેવા કે પોતાના સ્વજનો વિશે માહિતી મેળવવા માટે હોટલાઇન નંબર ૧૧૪૪ પર ફોન કરી શકાય છે. આ ઉપરાંત ટુરિસ્ટ પોલીસના વિશેષ નંબર ૯૮૫૧૨૮૯૪૪૫ પર સંપર્ક કરીને પણ જરૂરી માહિતી મેળવી શકાય છે.

### રાત્રે સામેથી આવતી ગાડીની લાઈટ આંખ નહીં આંજે!

# હેડલાઈટના તોળાતા આકરા નિયમો

## કેન્દ્ર સરકારનું રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયની ગંભીર સમસ્યાને નાથવા મોટર વ્હીકલ નિયમોમાં ધરખમ ફેરફારો કરવાની તૈયારી

નવી દિલ્હી, તા.૨૬

રાત્રિના સમયે વાહન ચલાવતી વખતે સામેથી આવતી ગાડીઓની આંખો આંજી દેતી તેજ હેડલાઈટને કારણે થોડીક સેકન્ડો માટે રસ્તો સાવ અદૃશ્ય થઈ જતો હોય છે. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે આ અંધાપો જીવલેણ અકસ્માતનું કારણ બને છે. હવે કેન્દ્ર સરકારનું રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય આ ગંભીર સમસ્યાને નાથવા માટે વાહનોની હેડલાઈટ, હાઈ-બીમનો ઉપયોગ અને ભારે વાહનોની વિઝિબિલિટી સંબંધિત મોટર વ્હીકલ નિયમોમાં ધરખમ ફેરફારો કરવાની તૈયારી કરી રહ્યું છે.

રોશનીની તીવ્રતામાં મોટો ઘટાડો



કરવાની હિલચાલ ચાલી રહી છે. નવા પ્રસ્તાવ અનુસાર વાહનોની હેડલાઈટની મહત્તમ તીવ્રતા ઘટાડવાની વિચારણા ચાલી રહી છે. ખાસ કરીને ટુ-વ્હીલરમાં વર્તમાન મર્યાદા ૧.૫ લાખ કેન્ડેલા

છે. તેમાં સૂચિત નવી મર્યાદા ૧ લાખ કેન્ડેલા કરવાની વિચારણા ચાલી રહી છે. ફોર-વ્હીલરમાં વર્તમાન મર્યાદા ૨.૨૫ લાખ કેન્ડેલા સૂચિત નવી મર્યાદા ૧.૫ લાખ કેન્ડેલા કરવાની મજબૂત શક્યતા જોવાઈ રહી છે.

જો કોઈ વાહનચાલક શહેરી વિસ્તારમાં બિનજરૂરી રીતે હાઈ-બીમ લાઈટ ચાલુ કરશે, તો વાહનની અંદરથી જ તેને ચેતવણી આપતો ઓડિયો એલર્ટ સંભળાશે.

હાઈવે પર ડ્રાઈવિંગમાં ખલેલ ન પહોંચે તે માટે ૬૦ km/h થી વધુ ઝડપ હશે ત્યારે આ ઓડિયો એલર્ટ વાગશે નહીં. નવા બનનારા ક્વિચકી વાહનોમાં ઓટોમેટિક હેડલેમ્પ માત્ર લો-બીમ પર જ કામ કરે તેવો નિયમ લાગુ થઈ શકે છે (હાલના વાહનોને આમાંથી મુક્તિ મળશે). તેજ સફેદ અને વાદળી રોશની પર લગામ: કલર ટેમ્પરેચર મર્યાદિત આજકાલ માર્કેટમાં આફ્ટર-માર્કેટ લગાવવામાં આવતી વધુ પડતી સફેદ અને વાદળી રંગની કઠોર હેડલાઈટ્સથી આંખોને ભારે તકલીફ થાય છે. આથી સરકારે હેડલાઈટનું કલર ટેમ્પરેચર મહત્તમ ૬૫૦૦ Kelvin સુધી મર્યાદિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

# તહેવારોમાં ગળ્યા મોઢાં કરવા પર લિમિટ!

## કાળાબજાર અને સંગ્રહખોરી રોકવા ડી-માર્ટ, સ્વિગી, બ્લિંકિટનો મોટો નિર્ણય : એક ગ્રાહક માત્ર ૩ થી ૫ કિલો ખાંડ જ ખરીદી શકશે; જોકે દેશમાં ખાંડનો પૂરતો સ્ટોક હોવાથી ગભરાવાની જરૂર નથી : સરકાર અને ISMAની સ્પષ્ટતા

નવી દિલ્હી, તા. ૨૬

શ્રાવણ માસ, રક્ષાબંધન, જન્માષ્ટમી અને આગામી દિવાળી સુધી તહેવારોની લાંબી વણઝાર શરૂ થઈ ચૂકી છે. તહેવારોમાં ભારતીય ઘરોમાં જાતજાતની મીઠાઈઓ અને પકવાનો બનતા હોવાથી ખાંડની માંગમાં અચાનક જંગી ઉછાળો જોવા મળ્યો છે. આ વધતી માંગને પગલે બજારમાં કાળાબજારિયાઓ અને નફાખોરો સક્રિય થઈ ગયા છે. બજારમાં કૃત્રિમ અછત ઊભી કરીને ઊંચા ભાવે ખાંડ વેચવાના ષડયંત્રને તોડી પાડવા માટે દેશના અગ્રણી સુપરમાર્કેટ્સ અને ઓનલાઈન ગ્રોસરી પ્લેટફોર્મ્સે એક મોટો અને સાવચેતીભર્યો નિર્ણય લીધો છે.

ગ્રાહકો દ્વારા થતી બિનજરૂરી સંગ્રહખોરી અને વેપારીઓ દ્વારા થતાં કાળાબજારને ડામવા માટે જાણીતા રિટેલ મોલ ડી-માર્ટ સહિત બીગ બાસ્કેટ, બ્લીન્કિટ, સ્વીગી અને ઇન્સ્ટામાર્ટ જેવી ક્વિક-કોમર્સ એપ્લિકેશન્સે ખાંડના વેચાણ પર મર્યાદા (લિમિટ) લાગુ કરી દીધી છે. નવી આંતરિક નીતિ અનુસાર, હવે કોઈપણ ગ્રાહક ઓનલાઇન એપ કે ઓફલાઇન સુપરમાર્કેટમાંથી એક ઓર્ડરમાં માત્ર ૩ થી ૫ કિલો સુધી જ ખાંડ ખરીદી શકશે. કેટલીક એપ્લિકેશન્સે તો પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ લિમિટ ઘટાડીને માત્ર ૩ કિલો સુધીની જ કરી દીધી છે. કંપનીઓએ સ્પષ્ટતા કરી છે કે આ નિયંત્રણ કોઈ સરકારી આદેશથી નથી લાદવામાં આવ્યું, પરંતુ આ તેમની પોતાની આંતરિક પોલિસી છે. આનો મુખ્ય હેતુ એ છે કે દરેક સામાન્ય ગ્રાહકને પોતાની જરૂરિયાત મુજબ પૂરતો જથ્થો મળી રહે અને

કોઈ એક જ વ્યક્તિ કે વેપારી આખો સ્ટોક ખરીદીને અન્ય ગ્રાહકો માટે હાડમારી ઊભી ન કરે.

બીજી તરફ, બજારમાં ખાંડની અછત હોવાની અને ભાવો આસમાને પહોંચવાની અફવાઓ ગરમ થતાં જ 'ઇન્ડિયન શુગર એન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન' (ISMA) અને કેન્દ્ર સરકાર મેદાનમાં આવ્યા છે. સરકારે ગ્રાહકોને સ્પષ્ટ આશ્વાસન આપતાં જણાવ્યું છે કે, દેશના ગોડાઉનોમાં ખાંડનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે અને ભવિષ્યમાં પણ સ્ટોકની કોઈ જ અછત સર્જાવાની નથી. વધુમાં, આગામી નવી સીઝનમાં શેરડીનું પિલાણ ટૂંક સમયમાં જ શરૂ થવા જઈ રહ્યું છે અને નવી આયાત પણ આવી રહી હોવાથી ખાંડના ભાવો પણ જલ્દીથી સંપૂર્ણ નિયંત્રણમાં આવી જશે.

સરકારી તંત્રે અને કંપનીઓએ સામાન્ય નાગરિકોને અપીલ કરી છે કે સોશિયલ મીડિયા કે બજારની કોઈ પણ જાતની અફવાઓથી દોરવાઈને 'પેનિક બાઈંગ' (ગભરાટમાં વધુ પડતી ખરીદી) ન કરે. દેશમાં ખાંડની કોઈ કમી નથી, તેથી સૌએ પોતાની રોજિંદી જરૂરિયાત મુજબ જ ખરીદી કરવી હિતાવહ છે.

### ક્રાઇમ બ્રાન્ચે ભેદ્યો નકલી દવાઓનો રાષ્ટ્રીય વ્યાપ

# કેન્સરની સારવારના ૧ લાખના ઇન્જેક્શનમાંથી પાણી નીકળ્યું!

## મહાકૌભાંડનો પર્દાફાશ : દેશની રાજધાની દિલ્હીમાંથી જીવલેણ બીમારી સામે ઝઝૂમી રહેલા લાચાર દર્દીઓનો સામે આવ્યો કિસ્સો

નવી દિલ્હી, તા. ૨૬

પૈસાની લાલચમાં માનવતા કેટલી હદે નીચે જઈ શકે છે તેનો એક અત્યંત ચોંકાવનારો અને હચમચાવી દેનારો કિસ્સો દેશની રાજધાની દિલ્હીમાંથી સામે આવ્યો છે. કેન્સર જેવી ગંભીર અને જીવલેણ બીમારી સામે ઝઝૂમી રહેલા લાચાર દર્દીઓની મજબૂરીનો ફાયદો ઉઠાવીને કરોડપતિ બનવાનું એક મોટું ષડયંત્ર દિલ્હી પોલીસની ક્રાઇમ બ્રાન્ચે નિષ્ફળ બનાવ્યું છે. દિલ્હી પોલીસે સઘન તપાસ અને છાપેમારી કરીને કેન્સરની નકલી દવાઓ વેચવાનું અધધ રૂ. ૯ કરોડથી વધુનું કાળું કારસ્તાન ઝડપી પાડ્યું છે. આ રાષ્ટ્રવ્યાપી રેકેટમાં ક્રાઇમ બ્રાન્ચે દેશના ૭ અલગ-અલગ રાજ્યોમાં મોટા પાયે દરોડા પાડીને કુલ ૧૭ આરોપીઓની ધરપકડ કરી છે. સૌથી આઘાતજનક બાબત એ છે કે જે દર્દીઓ જીવનદાનની આશાએ એક લાખ રૂપિયા જેટલી માતબર રકમ ચૂકવીને 'એવાલુમેબ' (Avelumab) નામનું ઇન્જેક્શન લઈ રહ્યા હતા, તેમાં દવાના નામે માત્ર ને માત્ર પાણી જ ભરેલું હતું.

દિલ્હી પોલીસની ક્રાઇમ બ્રાન્ચની ઝીણવટભરી તપાસમાં કેન્સરની અત્યંત મોંઘી દવાઓની કાળાબજારી અને નકલી દવાઓ ઘુસાડવાના આ આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ થયો છે. દિલ્હીના બ્લેક માર્કેટમાં આશરે એક-એક લાખ રૂપિયામાં વેચાતા 'એવાલુમેબ' ઇન્જેક્શનની અસલિયત જાણવા જ્યારે ઉત્પાદક કંપની દ્વારા જર્મનીની પ્રખ્યાત 'મર્ક લેબ' (Merck Lab) માં તેનું પરીક્ષણ કરાવવામાં આવ્યું, ત્યારે સહુ કોઈ ચોંકી ઉઠ્યા હતા. રિપોર્ટમાં સ્પષ્ટ થયું કે આ ઇન્જેક્શનમાં કેન્સરના કોષો સામે લડતો મૂળ ઘટક (એક્ટિવ ઇન્ગ્રીડિયન્ટ) બિલકુલ ગાયબ હતો. આ મહાકૌભાંડ માત્ર નકલી દવાઓ પૂરતું

સીમિત નહોતું. પોલીસ તપાસમાં એવો પણ સનસનીખેજ ખુલાસો થયો છે કે રાજસ્થાન સરકારની લોકકલ્યાણ યોજના હેઠળ ગરીબ અને જરૂરિયાતમંદ કેન્સરના દર્દીઓને મફતમાં અપાતી સરકારી દવાઓ પણ ચોરી કરીને ગેરકાયદેસર રીતે ખુલ્લા બજારમાં ઊંચા ભાવે વેચવામાં આવી રહી હતી.

પોલીસની ટીમે ગત ૨૦ ઓગસ્ટના રોજ એક સુઆયોજિત ઓપરેશન પાર પાડીને દેશના ૭ રાજ્યોમાં ફેલાયેલા આ ૯ કરોડ રૂપિયાના કાળા કારોબાર પર એકસાથે ત્રાટકી હતી. દરોડાની આ વ્યાપક કાર્યવાહી દરમિયાન પોલીસને ૫૮૮ જેટલા ભરેલા એન્ટી-કેન્સર વાયલ (શીશીઓ), ૬ ખાલી વાયલ, ૭ ખાલી બોક્સ, અન્ય વિવિધ દવાઓના ૩૦૨૧ યુનિટ અને રૂ. ૫૦ લાખની રોકડ રકમ સ્થળ પરથી જપ્ત કરવામાં સફળતા મળી છે. આ દરોડામાં ડાર્જાલેક્સ, ઇમફિંજી, એરબિટક્સ, ઓપડાઇટા અને કીટ્રૂડા જેવી અત્યંત મોંઘી અને રક્ષણાત્મક ગણાતી કેન્સરની દવાઓનો મોટો જથ્થો પકડાયો છે. આ ગુનાહિત ગેંગનું નેટવર્ક માત્ર દિલ્હી પૂરતું સીમિત નહોતું, પરંતુ તે દિલ્હી-NCR, મુંબઈ, હૈદરાબાદ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ખૂણેખૂણે સુધી ઊંડા મૂળ નાખી ચૂક્યું હતું.

### મોતના વેપારીની ગુનાહિત મોડસ ઓપરેન્ડી

પોલીસની પૂછપરછ અને તપાસમાં આ સિન્ડિકેટ કઈ રીતે કામ કરતી હતી તેની ચોક્કસ મોડસ ઓપરેન્ડી (ગુનાહિત પદ્ધતિ) સામે આવી છે. દર્દીઓ સુધી આ મોતનો સામાન પહોંચાડવાના મુખ્ય ત્રણ રસ્તા હતા: પહેલો, ગેરકાયદેસર અને અજ્ઞાત સ્ત્રોતોમાંથી સસ્તા ભાવે ખરીદાયેલી તદ્દન બનાવટી (નકલી) દવાઓ. બીજો, મોટી હોસ્પિટલોમાં કામ કરતા સ્ટાફની મિલીભગતથી કેન્સરના દર્દીઓ માટે રિઝર્વ રાખવામાં આવેલી અસલી દવાઓની ચોરી અથવા હેરાફેરી. અને ત્રીજો રસ્તો, સરકારી સંસ્થાઓ તેમજ ગોડાઉનોમાંથી સરકારી સપ્લાયની દવાઓ ચોરીછૂપીથી બહાર કાઢવી. આ તમામ દવાઓને કોઈપણ જાતના કાયદેસરના બિલ, મેડિકલ લાયસન્સ કે ખરીદ-વેચાણના રેકોર્ડ વગર ગુપ્ત રીતે ઘરોમાં જ સંગ્રહિત કરવામાં આવતી હતી. છેતરપિંડીને અસલિયતનો રંગ આપવા માટે આ ભેજાબાજો જૂના અને અસલી બોક્સ પરથી કલર અથવા એસીટોન જેવા કેમિકલનો ઉપયોગ કરીને જૂનો બેચ નંબર અને કિંમત (MRP) ભૂંસી નાખતા હતા અને નવું લેબલ લગાવીને નવું પેકિંગ તૈયાર કરતા હતા, જેથી દર્દીઓને જરા પણ શંકા ન જાય.

### ઊર્જા ક્ષેત્રે ગુજરાતની હરણફાળ : NPCIL અને GSECL વચ્ચે જોઈન્ટ વેન્ચર માટે કવાયત

# ધુવારણ ખાતે સ્થપાશે ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ!

## ૭૦૦૦ મેગાવોટ વીજ ઉત્પાદનની ક્ષમતા સાથે રૂ. સવા બે લાખ કરોડનું જંગી રોકાણ થવાની સંભાવના

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ગ્રીન હાઇડ્રોજન, ડેટા સેન્ટર્સ, ઇલેક્ટ્રિક મોબિલિટી અને અન્ય ઊર્જા-સઘન ઉદ્યોગોના ઝડપી વિકાસને પગલે આગામી સમયમાં વીજળીની માંગમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે. ભવિષ્યની આ મહાકાય માંગને પહોંચી વળવા માટે રાજ્યમાં એક અત્યાધુનિક અને વિશાળ 'ન્યુક્લિયર પાવર કોમ્પ્લેક્સ પ્રોજેક્ટ'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ પ્રસ્તાવિત પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા ૪,૨૦૦ મેગાવોટથી લઈને ૭,૦૦૦ મેગાવોટ સુધીની હોવાની શક્યતા છે. જોકે અંતિમ ક્ષમતા અને પ્રોજેક્ટના માળખા અંગે હજુ ઉચ્ચ સ્તરે મંથન ચાલી રહ્યું છે. પ્રતિ મેગાવોટ અંદાજે રૂ. ૩૫ કરોડના ખર્ચને ધ્યાનમાં લેતા આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં આશરે રૂ. ૧.૨૫ લાખ કરોડથી લઈને રૂ. ૨.૨૫ લાખ કરોડ સુધીનું જંગી રોકાણ થઈ શકે છે. જો આ પ્રોજેક્ટ સાકાર થશે તો તે ગુજરાતના વીજ ક્ષેત્રના ઈતિહાસમાં સૌથી મોટા રોકાણોમાંથી એક બની રહેશે.

પ્રોજેક્ટના સ્થળ અંગે સૂત્રોએ જણાવ્યું છે કે, આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં આવેલા ધુવારણ ખાતે ન્યુક્લિયર પાવર કોમ્પ્લેક્સ માટે જરૂરી ૧,૧૦૦ હેક્ટર જમીનની ઉપલબ્ધતા રાજ્ય સરકારે સુનિશ્ચિત કરી લીધી છે. પ્રોજેક્ટની સાથે સ્થાપવામાં આવનારા ન્યુક્લિયર ફ્યુઅલ કોમ્પ્લેક્સ માટે કેન્દ્ર સરકારની એક વિશેષ ટીમ આ સ્થળની મુલાકાત પણ લઈ ચૂકી છે. પ્રાથમિક મૂલ્યાંકન મુજબ મોટા પાયે ન્યુક્લિયર પ્રોજેક્ટ વિકસાવવા માટે ધુવારણ ખૂબ જ અનુકૂળ અને સારી સંભાવનાઓ ધરાવે છે.

આ પ્રસ્તાવિત પ્રોજેક્ટ માટે ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કંપની લિમિટેડ વચ્ચે કેન્દ્ર-રાજ્ય સંયુક્ત સાહસ રચવામાં આવશે. ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટના વિકાસ, બાંધકામ અને સંચાલન માટે આ એક અલગ જોઈન્ટ વેન્ચર કંપની સ્થાપવા અંગે સઘન ચર્ચા ચાલી રહી છે. પરમાણુ ઊર્જા વિભાગ સાથેની ચર્ચાના આધારે ધુવારણ ખાતે સ્વદેશી 'પ્રેસરાઇઝ્ડ હેવી વોટર રિએક્ટર' ટેક્નોલોજી, 'પ્રેસરાઇઝ્ડ વોટર રિએક્ટર' તેમજ નિયમન હેઠળની વિદેશી રિએક્ટર ટેક્નોલોજી સ્થાપવાની શક્યતાઓનું પણ ઉચ્ચ સ્તરે મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટની શક્યતાઓ ચકાસવા અને તેને જરૂરી નીતિવિષયક તથા વહીવટી સહાય પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા એક ઉચ્ચ-સ્તરીય સમિતિ તેમજ કાર્યકારી સમિતિની વિશેષ રચના કરવામાં આવી છે.

# ગુજરાતની ૨૧ સહિત ૨૩ ટ્રેનો દોડશે ૧૩૦ કિમીની ગતિએ!

### પશ્ચિમ રેલવેનો મોટો નિર્ણયઃ રાજકોટ-કોઇમ્બતૂર, સૌરાષ્ટ્ર મેઇલ અને કચ્છ સુપરફાસ્ટ સહિતની ટ્રેનોની સ્પીડ વધારાઈ; મુસાફરીનો સમય ઘટશે અને સલામતી માટે નવી માર્ગદર્શિકા પણ જાહેર

અમદાવાદ, તા. ૨૬

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોનો પ્રવાસ સમય ઘટાડવા અને મુસાફરીને વધુ આરામદાયક બનાવવા માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના વિવિધ રેલવે સેક્શનમાં દોડતી ગુજરાતની ૨૧ સહિત કુલ ૨૩ લોકપ્રિય મેલ અને સુપરફાસ્ટ ટ્રેનોની મહત્તમ ગતિ ૧૧૦ કિમી પ્રતિ કલાકથી વધારીને હવે ૧૩૦ કિમી પ્રતિ કલાક કરવાની મંજૂરી આપવામાં આવી છે. રેલવેના આ નિર્ણયથી ગુજરાત સહિત મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર ભારત વચ્ચે મુસાફરી કરતા લાખો મુસાફરોને મોટો ફાયદો થશે અને તેમના પ્રવાસ સમયમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા છે. ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી ટ્રેનો દોડવાથી લાંબા અંતરની મુસાફરી વધુ ઝડપી અને સરળ બનશે. આ ઉપરાંત, ટ્રેન નં. ૧૯૪૨૧-૨૨ અમદાવાદ-પટણા એક્સપ્રેસમાં કોચની સંખ્યા ૨૦ ને બદલે ૨૨ કરીને તેને ક્રૅઇ કોચ સાથે ૧૩૦ ની સ્પીડે દોડાવવામાં આવશે.

૧૩૦ કિમીની ઝડપે ટ્રેનો દોડાવવા માટે પ્લેટફોર્મની લંબાઈ, મુસાફરોની સલામતી અને કોચની ટેકનિકલ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રેલવે તંત્ર દ્વારા નવી માર્ગદર્શિકા પણ નક્કી કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા મુજબ, એક એન્જિન અને ૨૨ ક્રૅઇ કોચની ટ્રેન માટે ઓછામાં ઓછું ૫૫૧ મીટર લાંબું પ્લેટફોર્મ હોવું જરૂરી બનશે. તેમજ, દિવ્યાંગ મુસાફરોની સુવિધા માટે વિશેષ ક્રૅઇ કોચ પણ ઉપલબ્ધ કરાશે. ઈંધણ સિસ્ટમના યોગ્ય સંચાલન માટે એન્જિન, હેડ-ઓન-જનરેશન અને રેક વચ્ચે યોગ્ય સંકલન જાળવવા પણ સંબંધિત અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે.

### કઈ ટ્રેનની વધારાઈ ગતિ?

૧૨૯૨૭-૨૮ દાદર-એકતાનગર સુપરફાસ્ટ, ૧૨૯૭૧-૭૨ બાંદ્રા-ભાવનગર એક્સપ્રેસ, ૧૯૨૫૫-૫૬ સુરત-મહુવા સુપરફાસ્ટ, ૨૨૯૪૫-૪૬ મુંબઈ-ઓખા સૌરાષ્ટ્ર મેઇલ, ૧૨૯૫૯-૬૦ બાંદ્રા-ભુજ સુપરફાસ્ટ, ૧૨૯૬૫-૬૬ બાંદ્રા-ભુજ સામાહિક, ૧૯૨૫૯-૬૦ કોચુવેલી-ભાવનગર એક્સપ્રેસ, ૨૦૪૮૩-૮૪ ભગતકી કોઠી-દાદર સુપરફાસ્ટ, ૧૪૭૦૭-૦૮ રણકપુર એક્સપ્રેસ, ૧૪૭૦૧-૦૨ અમરાપુર અરવલ્લી એક્સપ્રેસ, ૨૦૬૦૯-૧૦ કોચુવેલી-પોરબંદર સુપરફાસ્ટ, ૧૨૯૮૭-૯૮ બાંદ્રા-બાડમેર હમસફર એક્સપ્રેસ, ૨૨૬૦૧-૦૨ બાંદ્રા-ઉદયપુર સુપરફાસ્ટ, ૨૨૯૫૫-૫૬ બાંદ્રા-ભુજ કચ્છ સુપરફાસ્ટ, ૨૨૧૯૫-૯૬ ઝાંસી-બાંદ્રા સુપરફાસ્ટ, ૧૬૩૩૭-૩૮ ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ, ૧૬૬૧૩-૧૪ રાજકોટ-કોયમ્બતૂર એક્સપ્રેસ, ૧૯૨૦૩-૦૪ બાંદ્રા-વેરાવળ સામાહિક, ૧૯૭૧૧-૧૨ જયપુર-ભોપાલ એક્સપ્રેસ, ૨૦૬૫૭-૫૮ ઈન્દોર-હિસાર સુપરફાસ્ટ, ૨૨૬૬૩-૬૪ બાંદ્રા-ભાવનગર સામાહિક, ૨૦૬૫૧-૫૨ ઓખા-જયપુર સામાહિક અને ૧૬૩૦૬-૧૦ શાંતિ એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

### કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીની જાહેરાતઃ સૌરાષ્ટ્રના ૭ જિલ્લાઓમાં પાક બચાવવા ૧૦ કલાક વીજળી અપાશે

# વરસાદ ખેંચાતા ઘાસચારો, પાણી વીજળીનો પુરવઠો વધારવા નિર્ણયો

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યમાં ઓગસ્ટ મહિનામાં વરસાદ ખેંચાતા અને ચોમાસું નબળું પડતાં ઉદભવેલી પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકાર સંપૂર્ણ એક્શન મોડમાં આવી ગઈ છે. મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર ખેડૂતો અને પશુપાલકોની પડખે અડીખમ ઊભી છે. આ અંગે પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આજે યોજાયેલી વિશેષ પત્રકાર પરિષદમાં રાજ્ય સરકાર દ્વારા ઘાસચારાની ઉપલબ્ધતા, ખાંડના ભાવો પર નિયંત્રણ, સિંચાઈના પાણી છોડવા તથા વીજ પુરવઠા અંગે લેવાયેલા મહત્વના નિર્ણયોની વિગતવાર માહિતી આપી હતી. મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે રાજ્યમાં ઘાસચારા કે પાણીની કોઈ જ અછત નથી અને સરકાર તમામ પડકારજનક સ્થિતિને પહોંચી વળવા સંપૂર્ણ રીતે સક્ષ્ક્ષ છે.

મંત્રી જીતુભાઈ વાઘાણીએ ઘાસચારાની ઉપલબ્ધતા અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ઓછા વરસાદની સ્થિતિમાં પશુધનની સુરક્ષા માટે સરકાર કટિબદ્ધ છે. રાજ્યના ૩૦૧ ગામોના ૯૦,૦૦૦ જેટલા પશુઓ સુધી અત્યાર સુધીમાં ૧૬ લાખ કિલો ઘાસચારો પહોંચાડી રાહત આપવામાં આવી છે. પશુપાલકો પર આર્થિક બોજ ન પડે તે માટે માત્ર રૂ. ૨ પ્રતિ કિલોના સબસિડીયુક્ત રાહત દરે ઘાસચારો પૂરો પાડવામાં આવી રહ્યો છે. વન વિભાગ પાસે હજુ પણ ૩૬૧ લાખ કિલો ઘાસચારો અનામત (રિઝર્વ) છે અને તમામ જિલ્લા કલેક્ટરોને સ્થાનિક જરૂરિયાત મુજબ ત્વરિત પગલાં લેવા અધિકૃત કરાયા છે. ખાંડના ભાવો અંગે સ્પષ્ટતા કરતાં મંત્રીએ જણાવ્યું હતું કે, સરકારી પ્રયાસોના પરિણામે ફેક્ટરી બહાર પ્રતિ ક્વિન્ટલ રૂ. ૬૫૦૦ થી વધુ બોલાતા ખાંડના ભાવ ઘટીને હાલ રૂ. ૬૦૦૦ ની નીચે આવી ગયા છે. રાજ્યની ૧૭ ખાંડ મિલો પાસે હાલ ૧૮ લાખ ક્વિન્ટલ ખાંડનો જથ્થો ઉપલબ્ધ છે અને આગામી ૧૫ ઓક્ટોબર પછી નવી સીઝન

શરૂ થતાં ઉત્પાદનમાં વધુ વધારો થશે.

ખેડૂતોના ઊભા પાકને સૂકાતો અટકાવવા સિંચાઈના પાણી અંગે સરકારે તાકીદના પગલાં લીધા છે. સૌની યોજના અને સુજલામ સુફલામ પાઇપલાઇન નેટવર્ક મારફતે નર્મદા આધારિત તળાવો અને ડેમો ભરોસપાત્ર રીતે ભરવાની કામગીરી પુરજોશમાં શરૂ કરાઈ છે. આણંદ અને ખેડા જિલ્લામાં ઊભો પાક બચાવવા કડાણા ડેમમાંથી સિંચાઈનું પાણી છોડવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે, જ્યારે મહી કમાન્ડ વિસ્તારમાં નાગરિકો માટે પરિયેજ અને કનેવાલ તળાવમાં નિયમિત પીવાનું પાણી પહોંચાડાઈ રહ્યું છે. સૌથી મોટી જાહેરાત ખેતીવાડી વીજ પુરવઠા અંગે કરતા જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્થિતિને ધ્યાને રાખીને સૌરાષ્ટ્રના અમરેલી, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ તથા કચ્છ એમ કુલ ૭ જિલ્લાઓમાં રોજના ૮ કલાકના બદલે ૧૦ કલાક ખેતીલાયક વીજળી આપવાનું શરૂ કરી દેવાયું છે. બાકીના જિલ્લાઓમાં હાલ ૮ કલાક ગુણવત્તાસભર વીજળી અપાય છે, પરંતુ જો અન્ય કોઈ પણ જિલ્લામાં પાક બચાવવા વધુ વીજળીની જરૂર પડશે તો ત્યાં પણ ૧૦ કલાક વીજ પુરવઠો આપવા સરકાર તૈયાર છે.

### રક્ષાબંધન પર્વ નિમિત્તે રાજ્ય સરકારની મહામૂલી ભેટ

# ૧૦૧ નવીન એસ.ટી. બસોનું ભવ્ય લોકાર્પણ

### નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું; મહિલા કંડક્ટરોએ રાખડી બાંધી કરી ઉજવણી

ગાંધીનગર, તા. ૨૬

રક્ષાબંધનના પર્વ નિમિત્તે રાજ્યની માતા-બહેનોને શ્રેષ્ઠ પરિવહન સુવિધાની ભેટ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા ૧૦૧ નવીન એસ.ટી. બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ તમામ નવીન બસોનું ગાંધીનગર ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન એસ.ટી. નિગમની મહિલા કંડક્ટરોએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને રાખડી બાંધી રક્ષાબંધનની આગોતરી ઉજવણી કરી હતી. નોંધનીય છે કે, એસ. ટી. નિગમના ડ્રાઈવર, કંડક્ટર અને ઓપરેશન સ્ટાફ રાજ્યની માતા-બહેનો પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવી શકે તે માટે ચોવીસ કલાક  અવિરત સેવાઓ આપે છે અને પોતે

આ તહેવારની ઉજવણીનું બલિદાન આપતા હોય છે. રાજ્યની માતા-બહેનોની પરિવહન સુવિધા માટેની આ કર્તવ્યનિષ્ઠા બદલ નાયબ મુખ્યમંત્રીએ એસ.ટી. નિગમના સૌ કર્મચારીઓને અભિનંદન પાઠવી આ સેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો તેમજ એસ.ટી. બસનું નિરીક્ષણ કર્યું હતું.

લોકાર્પિત કરાયેલી ૧૦૧ બસોમાં ૭૧ સુપર એક્સપ્રેસ, ૨૦ મિડી અને ૧૦ સ્લીપર કોચનો સમાવેશ થાય છે, જે તમામ બસો રક્ષાબંધન તહેવારના વિશેષ સંચાલનમાં પણ ઉમેરાશે. મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની વિઝનરી પહેલ હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર દ્વારા રાજ્યના નાગરિકો, નોકરિયાતો અને વિદ્યાર્થીઓ માટે સુવિધાજનક, સલામત અને આરામદાયક જાહેર પરિવહન સેવા સુનિશ્ચિત કરવાના ભગીરથ પ્રયાસરૂપે નવીન ૧૦૧ એસ.ટી. બસોને જનતાની સેવામાં લોકાર્પિત કરવામાં આવી છે જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે.

વધુમાં, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા તારીખ ૨૬ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં વિવિધ રૂટ પર કુલ ૬,૫૦૦ જેટલી એક્સટ્રા ટ્રીપોનું સંચાલન કરવામાં આવશે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મુખ્ય શહેરો અને અંબાજી, પાવાગઢ અને સોમનાથ જેવા પ્રમુખ તીર્થધામો પર વિશેષ બસો દોડાવવાનું સઘન આયોજન કરાયું છે.

### રાજકોટ શહેર, ગોંડલ, પડધરી, ઉપલેટા, ધોરાજી, જસદણ, જેતપુર તાલુકા કક્ષાની મામલતદાર કચેરીઓમાં નવા કર્મચારીઓ

# ૮૧ નવા તલાટીઓને પોસ્ટીંગ, ૭૩ની આંતરિક બદલી

### જિલ્લા મહેસૂલ ક્ષેત્રે મોટો ફેરફાર : તાલુકા કક્ષાએ વહીવટી મોરચો મજબૂત થશે

રાજકોટ, તા. ૨૬.

રાજકોટ જિલ્લાના મહેસૂલી તંત્રને સુદ્રઢ બનાવવા અને વહીવટી કામગીરીને વધુ ઝડપી બનાવવાના હેતુથી જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા ફાળવવામાં આવેલા નવા તલાટીઓ તેમજ લાંબા સમયથી બદલી અને પોસ્ટીંગની રાહ જોઈ રહેલા કર્મચારીઓને આખરે વિવિધ કચેરીઓમાં નિયુક્તિ આપી દેવામાં આવી છે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા રાજકોટ જિલ્લાને ૮૧ નવા મહેસુલી તલાટીઓ ફાળવવામાં આવ્યા હતા. આ નવા તલાટીઓ લાંબા સમયથી પોતાના પ્રથમ પોસ્ટીંગની પ્રતીક્ષા કરી રહ્યા હતા. અંતે જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ દ્વારા તમામ ૮૧ નવા તલાટીઓને ઓર્ડર આપીને જિલ્લાની વિવિધ મામલતદાર કચેરીઓમાં નિયુક્તિ કરી દેવામાં આવી છે.

આ નવા તલાટીઓની નિમણૂક રાજકોટ શહેર ઉપરાંત જિલ્લાના વિવિધ મહત્વના તાલુકાઓમાં કરવામાં આવી છે, જેમાં સમાવિષ્ટ છે રાજકોટ શહેર, ગોંડલ, પડધરી, ઉપલેટા, ધોરાજી, જસદણ, જેતપુર . તાલુકા કક્ષાની મામલતદાર કચેરીઓમાં નવા કર્મચારીઓ ઉમેરાતા પ્રજાકીય કામગીરી અને મહેસૂલી ઉકેલો વધુ ઝડપી બનશે. નવી ભરતીના પોસ્ટીંગની સાથે જ જિલ્લાની વિવિધ મહેસૂલી કચેરીઓ અને મામલતદાર કચેરીઓમાં ફરજ બજાવતા ૭૩ જેટલા તલાટીઓની આંતરિક બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત, જિલ્લાફેર બદલીથી થોડા સમય પહેલા રાજકોટ જિલ્લામાં મુકાયેલા પરંતુ પોસ્ટીંગની રાહ જોઈ રહેલા ૬ તલાટીઓને પણ આખરે કચેરીઓની ફાળવણી કરી નિમણૂકના ઓર્ડરો પાઠવી દેવામાં આવ્યા છે. આ મોટા પાયે કરાયેલા ફેરફારોથી રાજકોટ જિલ્લાના મહેસૂલી તંત્રમાં નવી ઉર્જા આવશે અને લાંબા સમયથી ખાલી પડેલી જગ્યાઓ ભરાતાં ગ્રામીણ તેમજ શિહરી વિસ્તારના વહીવટી કામોને વેગ મળશે.

### સાયબર રાક્ષસોનો ભરડો

# દર કલાકે ૨૧ લોકો ડિજિટલ લૂંટનો ભોગ

## તહેવારના ટાણે 'હેપ્પી રક્ષાબંધન'ની લિંક કે APK ફાઈલ ખોલી તો બેંક એકાઉન્ટ થઈ જશે ખાલી; OTP, હનીટ્રેપ અને ઈ-ગિફ્ટ કાર્ડના નામે છેતરપિંડીનો મોટો ખેલ : છેલ્લા સાત મહિનામાં એક લાખથી વધુના સાયબર ફ્રોડ : અજાણી વ્યક્તિનો વિડીયો કોલ સ્વીકારવો નહીં, જે હનીટ્રેપનું કારણ બની શકે છે

રાજકોટ, તા. ૨૬

ડિજિટલ ક્રાંતિ તરફ ઝડપથી આગળ વધી રહેલું ગુજરાત હવે સાયબર ક્રિમીનલો માટે જાણે 'સ્વર્ગ' બની ગયું છે. રાજ્યમાં ૧ જાન્યુઆરીથી ૩૦ જુલાઈ સુધીના માત્ર સાત જ મહિનાના સમયગાળામાં સાયબર ફ્રોડની કુલ ૧,૦૬,૮૮૨ ચિંતાજનક ફરિયાદો નોંધાઈ ચૂકી છે. આ આંકડાનો સીધો હિસાબ માંડીએ તો ગુજરાતમાં દર એક કલાકે સરેરાશ ૨૧ નિર્દોષ નાગરિકો ડિજિટલ ઠગાઈનો ભોગ બની રહ્યા છે. સાયબર માફિયાઓ દ્વારા સૌથી વધુ કિસ્સા બેંકમાંથી કે સરકારી અધિકારી બનીને ઘડઝ (વન ટાઈમ પાસવર્ડ) માગવાના, સસ્તા દરે લોનની લાલચ આપવાના અને ડિજિટલ એરેસ્ટની ધમકી આપવાના સામે આવ્યા છે. આ ઉપરાંત, સોશિયલ મીડિયા પર ફેક પ્રોફાઈલ બનાવીને અજાણ્યા નાગરિકોને 'હનીટ્રેપ'માં ફસાવી બ્લેકમેલિંગ દ્વારા લાખો રૂપિયા પડાવી લેવાનું પ્રમાણ પણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે.

હવે તહેવારોની મોસમ શરૂ થતાં જ સાયબર ઠગોએ ઠગાઈની નવી અને વધુ ઘાતક પેટર્ન અપનાવી છે. રક્ષાબંધન જેવા પવિત્ર પર્વને ધ્યાનમાં રાખીને વોટ્સએપ અને સોશિયલ મીડિયાના માધ્યમથી 'ઇંફાુ છ્ઝસતવફબફક્ષમવફક્ષ' લખેલી લિંક્સ અથવા .ફાસ ફાઈલો વાયરલ કરવામાં આવી રહી છે. આ મેસેજીસમાં ઈ-ગિફ્ટ કાર્ડ, સ્ક્રેચ વાઉચર કે મફતમાં કેશબેક મેળવવાની લોભામણી લાલચો આપવામાં આવે છે. પરંતુ જેવી કોઈ વ્યક્તિ આ ફાઈલ ડાઉનલોડ કરે કે લિંક પર ક્લિક કરે, તે સાથે જ તેમના મોબાઈલમાં હિડન માલવેર કે વાયરસ ઈન્સ્ટોલ થઈ જાય છે. આ માલવેર ક્ષણવારમાં ફોનનો પૂરેપૂરો એકસેસ, ઘડઝ અને ગુપ્ત બેંકિંગ વિગતો હેકર્સ સુધી પહોંચાડી દે છે અને જોતજોતામાં બેંક ખાતામાંથી તમામ રકમ સાફ થઈ જાય છે.

આવા સાયબર આક્રમણથી બચવા માટે નાગરિકોએ ભારે સાવચેતી દાખવવી જરૂરી બની ગઈ છે. વોટ્સએપ કે એસએમએસ પર અજાણ્યા સ્ત્રોત તરફથી આવેલી કોઈપણ .ફાસ ફાઈલ ક્યારેય ઓપન કરવી નહીં અને કોઈપણ સંજોગોમાં પોતાનો ઘડઝ, સિક્રેટ પિન કે બેંકિંગ વિગતો કોઈની પણ સાથે શેર કરવી નહીં. જો કદાચ અજાણતા આવી કોઈ નાણાકીય છેતરપિંડીનો શિકાર બની જવાય, તો સમય બગાડ્યા વિના તુરંત જ રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરીને ફરિયાદ નોંધાવવી જોઈએ, જેથી નાણાં રિકવર થવાની શક્યતા વધી જાય.

### 'હેપ્પી રક્ષાબંધન' સંદેશ બની શકે છે આર્થિક તબાહીનું કારણ!

- તહેવારોની મોસમ શરૂ થતાં જ સાયબર માફિયાઓ વધુ સક્રિય બન્યા છે. હાલમાં રક્ષાબંધનના પર્વને ધ્યાનમાં રાખીને વોટ્સએપ અને સોશિયલ મીડિયા પર 'હેપી રક્ષાબંધન' કે ગિફ્ટ વાઉચરના નામે .APK ફાઈલ વાયરલ કરવામાં આવી રહી છે.
- **ઈ-ગિફ્ટ કાર્ડ અને સ્ક્રેચ વાઉચરની લાલચ :** મેસેજમાં દાવો કરવામાં આવે છે કે લિંક ખોલવાથી કે ફાઈલ ડાઉનલોડ કરવાથી મફતમાં ગિફ્ટ કે કેશબેક મળશે.
- **એક ક્લિક અને બેંક એકાઉન્ટ સાફ :** જેવી જ તમે આ .અડઊં ફાઈલ ડાઉનલોડ કરશો, તે સાથે જ તમારા ફોનમાં વાયરસ ઈન્સ્ટોલ થઈ જશે. આ વાયરસ તમારા ફોનનો તમામ કંટ્રોલ, ઓટીપી અને બેંકિંગ ડિટેલ્સ હેકર્સ સુધી પહોંચાડી દેશે અને ક્ષણવારમાં બેંક ખાતું ખાલી થઈ જશે.

# ૨ા.લો સંઘની ચૂંટણીમાં મોટા ભાગના બ્લોક થશે બિનહરીફ

## પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધ દવેએ મુખ્ય છ આગેવાનો સાથે કરેલી સંકલન બેઠક રહી ફળદાયક

રાજકોટ, તા. ૨૬

રાજકોટ લોધિકા સહકારી ખરીદ-વેચાણ સંઘ (રા.લો સંઘ)ની આગામી ચૂંટણીને લઈને સહકારી ક્ષેત્રના રાજકારણમાં મોટા સમાચાર સામે આવી રહ્યા છે. સંઘની આ ચૂંટણીમાં મોટાભાગના બ્લોક બિનહરીફ બિનહરીફ થાય તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધ દવેની મુખ્ય આગેવાની હેઠળ યોજાયેલી સંકલન બેઠક સફળ રહેતા બિનહરીફ ચૂંટણીનો માર્ગ સુગમ બન્યો છે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન જૂથબંધી ટાળવા અને સહકારી માળખામાં એકતા જાળવી રાખવાના હેતુથી પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધ દવેએ ક્ષેત્રના મુખ્ય છ અગ્રણી આગેવાનો સાથે એક મહત્વપૂર્ણ સંકલન બેઠક યોજી હતી. આ બેઠકમાં તમામ બ્લોકના સમીકરણો અને ઉમેદવારી અંગે સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન આગેવાનો વચ્ચે સર્વસંમતિ સાધવામાં મોટી સફળતા મળી છે. તમામ અગ્રણીઓએ સંગઠનની એકતા અને સહકારી હિતને પ્રાથમિકતા આપતા મોટાભાગના બ્લોકમાં બિનહરીફ બિનહરીફ ઉમેદવારો નક્કી કરવા પર સહમતિ દર્શાવી છે. અનિરુદ્ધ દવે અને છ મુખ્ય નેતાઓની આ સફળ મધ્યસ્થતાના કારણે ચૂંટણીમાં બિનજરૂરી સ્પર્ધા ટળશે.

પ્રદેશ મહામંત્રી અને શીર્ષ નેતૃત્વની આ ફળદાયી બેઠક બાદ રા.લો સંઘના રાજકારણમાં ગરમાવો શાંત થયો છે અને આગામી દિવસોમાં મોટાભાગની બેઠકો પર સત્તાવાર રીતે બિનહરીફ ઉમેદવારોના નામોની જાહેરાત કરવામાં આવે તેવી પૂરતી શક્યતા છે.

### મનપાની ભેટ : તમામ રૂટ પર ગમે તેટલી વખત નિઃશુલ્ક મુસાફરીનો મળશે લાભ

# રક્ષાબંધને મહિલાઓને સિટી બસ સેવા ફ્રી

રાજકોટ, તા. ૨૬

રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ શહેરની મહિલાઓ અને બહેનો માટે એક વિશેષ જાહેરાત કરવામાં આવી છે. તહેવારના દિવસે બહેનો પોતાના ભાઈઓને રાખડી બાંધવા સરળતાથી જઈ શકે તે હેતુથી રાજકોટ મનપા સંચાલિત સિટી બસ અને બી.આર.ટી.એસ. બસ સેવા સંપૂર્ણપણે નિઃશુલ્ક રાખવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

કોર્પોરેશન દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ, આવનાર તા. ૨૮ના શુક્રવારના રોજ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે સિટી બસ અને ઇજ્જીજ બસ સેવામાં બહેનો અને મહિલાઓ માટે મુસાફરી તદ્દન મફત રહેશે.

આ સેવા હેઠળ મહિલાઓ દિવસ દરમિયાન કોઈપણ રૂટ પર અને ગમે તેટલી વખત ફ્રીમાં મુસાફરી કરી શકશે. જોકે, ભાઈઓએ પોતાની મુસાફરી દરમિયાન રાબેતા મુજબ નિયત દરની ટિકિટ ખરીદવાની રહેશે.

રાજકોટ મનપાના મેયર ડો. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષના નેતા ડો. હિરેનભાઈ ખીમાણીયા તેમજ દંડક સંજયસિંહ રાણા દ્વારા આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી છે. પદાધિકારીઓએ શહેરની તમામ બહેનોને રક્ષાબંધનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા આ અનોખી ભેટનો મહત્તમ લાભ લેવા ભાવભરી અપીલ કરી છે.

# હરિહર ચોક જન્માષ્ટમી પહેલાં નહીં ખૂલે

## કનેક્ટિંગ રોડ પરનું કામ અંતિમ તબક્કે આવીને અટકી પડતા રાહદારીઓ હેરાન પરેશાન

રાજકોટ, તા.૨૬

શહેરના મધ્યમાં આવેલા સદર સ્થિત હરિહર ચોક ખાતે નવા વોંકળા (નાલા)નું નિર્માણ કાર્ય ગત વર્ષથી ચાલી રહ્યું છે, જે હજુ સુધી પૂર્ણ થઈ શક્યું નથી. ચોધરી હાઇસ્કૂલ અને લીમડા ચોકને જોડતા આ અત્યંત મહત્વના કનેક્ટિંગ રોડ પરનું કામ અંતિમ તબક્કે આવીને અટકી ગયું છે, જેના કારણે દરરોજ હજારો વાહનચાલકોને લાંબા ચક્કર કાપવાની ફરજ પડી રહી છે. પાલિકાના અધિકારીઓ હાલમાં વરસાદી ઋતુ અને ચોમાસાનું બહાનું ધરી રહ્યા છે, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર વાસ્તવિકતા કંઈક જુદી જ છે. બાંધકામ ક્ષેત્રે ડામરના ભાવમાં થયેલા વિપુલ વધારાને કારણે સંબંધિત એજન્સી દ્વારા ડામર કામ રોકી દેવામાં આવ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

કોન્ટ્રાક્ટર કે તંત્ર વચ્ચેના આ આર્થિક કારણો સાથે સામાન્ય જનતાને કોઈ લેવાદેવા નથી, છતાં તેનો ભોગ વાહનચાલકો બની રહ્યા છે.

ગત વર્ષે જન્માષ્ટમીના તહેવાર પૂર્વે જ યાજ્ઞિક રોડ પર પણ વોંકળાનું આવું જ જટિલ કામ ચાલતું હતું. તે સમયે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી ભગાવીને સિમેન્ટ વર્ક (RCC) પૂરું કરી દેવાયું હતું અને તહેવાર પહેલાં રોડ ખુલ્લો મૂકી દેવાયો હતો, જેથી લોકોને મોટી રાહત મળી હતી. પરંતુ હરિહર ચોકના કિસ્સામાં આવી કોઈ તત્પરતા જોવા મળતી નથી. મ્યુનિસિપલ કોર્પોરેશનના બાંધકામ વિભાગના જણાવ્યા મુજબ વોંકળાનું ૯૦% ટકા કામ પૂરું થઈ ગયું છે. મામલાની ગંભીરતા જોઈ મેયર ડો. નેહલ શુક્લ દ્વારા સિટી ઈજનેરને બાકી રહેલું ડામર કામ તાત્કાલિક પૂરું કરાવવા અને જરૂર પડે તો જવાબદાર એજન્સીને કારણદર્શક નોટિસ ફટકારવા કડક સૂચના આપવામાં આવી છે. ઉચ્ચ સ્તરેથી આપેલી આકરા વલણની સૂચનાઓ છતાં, વર્તમાન સ્થિતિ જોતાં આ વખતની જન્માષ્ટમી પૂર્વે હરિહર ચોકનો આ રોડ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકી શકાય તેવી કોઈ શક્યતા દેખાતી નથી.

### LLB સેમ ૧-૨ના પરિણામ અદ્ધરતાલ, વિદ્યાર્થીઓના ભવિષ્ય પર મોટું જોખમ!

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગંભીર વહીવટી ધાંધિયા

રાજકોટ, તા.૨૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગની ઘોર બેદરકારી અને આડેધડ કામગીરી ફરી એકવાર છતી થઈ છે, જેના કારણે હજારો વિદ્યાર્થીઓ ભારે અનિશ્ચિતતા અને માનસિક તણાવમાં મુકાયા છે. યુનિવર્સિટી દ્વારા ગત તા. ૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ એલએલબી સેમેસ્ટર-૧ અને તા. ૧૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ સેમેસ્ટર-૨ની પરીક્ષાઓ લેવામાં આવી હતી. પરીક્ષાઓ પૂર્ણ થયે લાંબો સમય વિતી ગયો હોવા છતાં આ બંને મહત્વપૂર્ણ સેમેસ્ટરના પરિણામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. પરિણામોમાં થઈ રહેલા આ અસહ્ય વિલંબને કારણે પરીક્ષા વિભાગની સંચાલન ક્ષમતા અને પારદર્શિતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

યુનિવર્સિટી તંત્રની ગંભીર વહીવટી નિષ્ફળતા તો ત્યારે સામે આવી જ્યારે એક તરફ અગાઉની બંને પરીક્ષાઓના પરિણામનો કોઈ પત્તો નથી, અને બીજી તરફ તંત્ર દ્વારા સેમેસ્ટર-૩ની પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. અગાઉના સેમેસ્ટરમાં પાસ થયા છે કે નાપાસ, તેની સ્પષ્ટતા વિના આગળની પરીક્ષાના ફોર્મ ભરવા પડતા વિદ્યાર્થીઓ ભારે મૂંઝવણમાં મુકાયા છે. આ ઉપરાંત નવા અભ્યાસક્રમ મુજબના પુસ્તકો પણ બજારમાં સમયસર ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓની મુશ્કેલીમાં બેવડો વધારો થયો છે.

આ સમગ્ર મામલે વિદ્યાર્થીઓના હિતમાં અવાજ ઉઠાવતા કોંગ્રેસના વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિને આક્રમક રજૂઆત કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે પરીક્ષા આપ્યા બાદ વિદ્યાર્થીઓ મહિનાઓ સુધી પરિણામની રાહ જોયા કરે અને બીજી તરફ આગળના સેમેસ્ટરના ફોર્મ ભરાવા લાગે તે તંત્રની ઘોર નિષ્ફળતા છે. તેમણે પેપર મૂલ્યાંકનની કામગીરીને સમયબદ્ધ બનાવવા, અધ્યાપકોના બાકી મહેનતાણાની પ્રક્રિયા ત્વરિત પૂર્ણ કરવા અને પરિણામમાં વિલંબનું સત્તાવાર કારણ વિદ્યાર્થીઓ સમક્ષ જાહેર કરવાની માંગ કરી છે.

નોંધનીય છે કે હજુ થોડા સમય પહેલા જ બીકોમ સેમેસ્ટર-૨ના પરિણામમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને ખોટી રીતે નાપાસ કરાયા હોવાના ગંભીર આક્ષેપો સાથે પરિણામ રદ કરવાની માંગ ઉઠી હતી. તે વિવાદ હજુ શમ્યો નથી ત્યાં હવે એલએલબીના પરિણામોમાં થઈ રહેલા અસહ્ય વિલંબે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કથળેલી પરીક્ષા વ્યવસ્થાને ફરી ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધી છે. વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થતા આ રમકડાં સામે ત્વરિત અને કડક પગલાં લેવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ઝડપાયા, છટક્યા!

## ગેરકાયદે દારુના કાયદામાં મોટાભાગે સિકંજો કસાતો નથી



ભાવનગરમાં બનેલી લઠ્ઠાકાંડની કરૂણ ઘટના બાદ સમગ્ર ગુજરાતમાં દારૂબંધીનો મુદ્દો ફરી એકવાર ગરમ બન્યો છે. આ ઘટનાને પગલે તંત્ર અને સરકાર ઉપર આકરા સવાલો ઊભા થયા છે. ચારેબાજુથી દબાણ વધતા પોલીસ અને પ્રશાસન હરકતમાં આવ્યું છે. હાલમાં રાજ્યભરમાં ગેરકાયદે દારૂના અડ્ડાઓ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. મોટા પ્રમાણમાં દેશી અને વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવી રહ્યો છે. અનેક બુટલેગરો અને અસામાજિક તત્વોની ધરપકડ પણ કરવામાં આવી રહી છે.

આ તમામ કાર્યવાહી માત્ર કામચલાઉ અને દેખાડા પૂરતી જ સાબિત થઈ રહી છે. ગેરકાયદે દારૂના કારોબાર પર કાયમી અને નિર્ણાયક રોક લગાવવામાં તંત્ર નિષ્ફળ નીવડ્યું છે. આ પાછળનું મુખ્ય કારણ દારૂબંધીના કાયદામાં રહેલી ગંભીર છટકબારીઓ અને નબળી જોગવાઈઓ છે. કાયદાકીય જટિલતાઓને કારણે પકડાયેલા ગુનેગારો ખૂબ જ સરળતાથી કાયદાના સિકંજામાંથી બહાર નીકળી જાય છે. તે ઉપરાંત, તંત્ર અને પોલીસ પ્રશાસનમાં પણ કડક ગાળિયો કસવાની અને કાયદાનો અમલ કરાવવાની ઈચ્છાશક્તિનો ભારે અભાવ જોવા મળે છે.

તાજેતરમાં જાહેર થયેલા એક અહેવાલ મુજબ ગુજરાતમાં છેલ્લા દસ વર્ષમાં દારૂબંધી ભંગના આશરે ૧૫ લાખથી પણ વધુ કેસો નોંધાયા છે. આ કેલોમાં લગભગ ૨૦ લાખ જેટલા લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જોકે, કાયદાની નબળાઈને કારણે આમાંથી ૧૦ લાખથી વધુ લોકોને તાત્કાલિક જામીન મળી ગયા હતા. ઘણા લોકો મામૂલી દંડ ભરીને મુક્ત થઈ ગયા હતા. આ આંકડાઓ દર્શાવે છે કે કાયદાનો ડર બુટલેગરો કે પીનારાઓમાં રહ્યો નથી.

દારૂના આ દૂષણના કારણે રાજ્યમાં અસંખ્ય પરિવાર બરબાદ થઈ ગયા છે. અનેક ઘરોમાં આર્થિક અને સામાજિક પાયમાલી સર્જાઈ છે. છતાં પણ કાયદાને વધુ આકરો બનાવવામાં આવતો નથી. પોલીસ અને તંત્રને બુટલેગરો સામે આકરી કાર્યવાહી કરવાના સ્પષ્ટ આદેશો અપાતા નથી. પરિણામે ગેરકાયદે નશાનું માર્કેટ સતત ફાલીફૂલી રહ્યું છે અને ગુજરાત બરબાદીના આરે પહોંચી રહ્યું છે. જો હવે જનતા તરફથી નિર્ણાયક લોકઆક્રોશ નહીં ઊઠે, તો તંત્ર અને કાયદાની આ ઢીલી નીતિમાં કોઈ સુધારો આવે તેમ લાગતું નથી.

# દર ૭ દિવસે એક ડ્રગ એડિક્ટ પાયલોટની કરાતી ઓળખ

## ૧૦% રેન્ડમ ડોપ ટેસ્ટને બદલે વર્ષમાં ઓછામાં ઓછા એક વખત દરેક પાઇલટનું પરીક્ષણ કરવાના પ્રસ્તાવ પર થઈ રહી ચર્ચા

નવીદિલ્હી, તા. ૨૬

વિમાનમાં દરેક મુસાફર ધારે છે કે કોકપીટમાં બેઠેલા પાઇલટ સંપૂર્ણપણે સજાગ, સ્વસ્થ અને ઉડાન ભરવા માટે યોગ્ય છે. છેવટે, હજારો ફૂટની ઊંચાઈ પર વિમાન ચલાવનાર વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી નાની ભૂલ પણ નોંધપાત્ર ચિંતાનું કારણ બની શકે છે. આ જ કારણ છે કે ભારત હવે પાઇલટ ડોપ પરીક્ષણમાં મોટા ફેરફારો કરવાની તૈયારી કરી રહ્યું છે. સરકાર અને નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) વર્તમાન ૧૦% રેન્ડમ પરીક્ષણને દર વર્ષે ઓછામાં ઓછા એક પાઇલટ સાથે બદલવાનું વિચારી રહ્યા છે.

એર ઇન્ડિયા ફ્લેકટ-દિલ્હી ફ્લાઇટ સાથે જોડાયેલી તાજેતરની ઘટના બાદ આ ચર્ચા વધુ તીવ્ર બની છે. સરકાર કહે છે કે નવી નીતિ બનાવતી વખતે, તે મુસાફરોની સલામતી અને એરલાઇન કામગીરી પરની અસર બંનેને ધ્યાનમાં લઈ રહી છે. આ ફેરફાર એ પણ મહત્વપૂર્ણ છે કારણ કે ઘણા પાઇલટ્સે અગાઉ ફ્લાઇટ પહેલાના પરીક્ષણમાં સકારાત્મક પરીક્ષણ કર્યું છે. ૨૦૧૮ના લોકસભાના જવાબ મુજબ, ૨૦૧૫ થી ૨૦૧૮ દરમિયાન કુલ ૧૮૧ પાઇલટ્સનો બ્રેથલાઇઝર (BA) ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. ૨૦૧૫માં ૪૩ પાઇલટ્સ, ૨૦૧૬માં ૪૪, ૨૦૧૭માં ૪૫ અને નવેમ્બર ૨૦૧૮ સુધી ૪૯ પાઇલટ્સનો પોઝિટિવ ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ, ૨૦૨૨માં, સરકારે અહેવાલ આપ્યો કે ૨૦૨૦ થી જૂન ૨૦૨૨ દરમિયાન નિયમો હેઠળ કુલ ૨૧૦ પાઇલટ્સ અને ક્રૂ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સરેરાશ, દર સાત દિવસે એક પાઇલટ ટેસ્ટમાં નિષ્ફળ રહ્યો છે.

વર્તમાન સિસ્ટમ હેઠળ, એરલાઇન્સે વાર્ષિક ધોરણે તેમના પાઇલટ નેટવર્કના ૧૦% પર રેન્ડમ ડોપ ટેસ્ટ કરાવવા જરૂરી છે. આનો અર્થ એ છે કે દર વર્ષે બધા પાઇલટ્સનું પરીક્ષણ કરવું ફરજિયાત નથી. પરિણામે, શક્ય છે કે કેટલાક પાઇલટ્સને વારંવાર પરીક્ષણ માટે પસંદ કરવામાં આવે, જ્યારે અન્ય ઘણા વર્ષો સુધી પરીક્ષણ વિના રહે. હવે, નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) આ સિસ્ટમમાં ફેરફારો પર વિચાર કરી રહ્યા છે. દરખાસ્ત એ છે કે દરેક પાઇલટનું વર્ષમાં ઓછામાં ઓછું એક વાર પરીક્ષણ કરવામાં આવે, પરંતુ પરીક્ષણ સમયપત્રક પૂર્વ-નિર્ધારિત ન હોવું જોઈએ. સરકારે ૧૦૦% પરીક્ષણના સલામતી લાભો તેમજ તેની કામગીરીની અસરનું મૂલ્યાંકન કરવાની જરૂર પડશે.

સરકારના લોકસભાના જવાબો દર્શાવે છે કે પાઇલટ્સ અને ક્રૂ સભ્યોએ અગાઉ પ્રી-ફ્લાઇટ પરીક્ષણમાં સકારાત્મક પરીક્ષણ કર્યું છે. ૨૦૧૫ થી ૨૦૧૮ ની વચ્ચે, ૧૮૧ પાઇલટ્સે BA પરીક્ષણમાં સકારાત્મક પરીક્ષણ કર્યું હતું. આ ચાર વર્ષોમાં, નવેમ્બર ૨૦૧૮ સુધીમાં કેસોની સંખ્યા ૪૩ થી વધીને ૪૯ થઈ ગઈ. ત્યારબાદ, ૨૦૨૦ માં, ૨૭ પાઇલટ્સ અને ૫૬ ક્રૂ સભ્યોએ ઇઅ પરીક્ષણમાં સકારાત્મક પરીક્ષણ કર્યું હતું. ૨૦૨૧ માં, આ સંખ્યા વધીને ૧૯ પાઇલટ્સ અને ૪૦ ક્રૂ સભ્યો થઈ ગઈ. ૨૦૨૨ માં, ૩૦ જૂન સુધીમાં, ૧૪ પાઇલટ્સ અને ૫૪ ક્રૂ સભ્યોએ સકારાત્મક પરીક્ષણ કર્યું હતું. સરકારે જણાવ્યું હતું કે ૧ જાન્યુઆરી, ૨૦૨૦ થી ૩૦ જૂન, ૨૦૨૨ દરમિયાન ૨૧૦ પાઇલટ અને ક્રૂ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, પરંતુ કોઈ પણ પાઇલટનું લાઇસન્સ રદ કરવામાં આવ્યું ન હતું.

૪ ઓગસ્ટના રોજ, એર ઇન્ડિયાની ફ્લેકટ-દિલ્હી ફ્લાઇટ AI-૨૩૭૯ માં ગંભીર ઉથલપાથલ અને અચાનક ઊંચાઈ ગુમાવવાનો સામનો કરવો પડ્યો. આ ઘટના બાદ, પાઇલટનો ડોપ ટેસ્ટ તપાસ હેઠળ આવ્યો, અને નમૂના પુષ્ટિ માટે મોકલવામાં આવ્યો. આ પૃષ્ઠભૂમિ સામે, સરકારે ડોપ ટેસ્ટિંગ નીતિની સમીક્ષા ઝડપી બનાવી છે. જો કે, ઘટનાની તપાસ અને પરીક્ષણના અંતિમ તારણો તપાસ એજન્સીઓના અહેવાલો પર આધારિત હશે. આ ઘટના બાદ એર ઇન્ડિયાએ તેના તમામ પાઇલટ્સનું એક વખતનું ડોપ ટેસ્ટિંગ પણ શરૂ કર્યું. આ હાલના DGCA નિયમો હેઠળ કરવામાં આવતા નિયમિત રેન્ડમ ટેસ્ટિંગથી આગળનું પગલું હતું.

## ખડગે ડુંગળી, ખાંડ અને તેલના વધતા ભાવો પર કર્યા પ્રહાર

# મોંઘવારીથી પીડાતો દેશ

નવીદિલ્હી, તા. ૨૬

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દેશમાં વધતી જતી મોંઘવારી અંગે મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે ભાજપ ૧૨ વર્ષથી સત્તામાં છે, અને ''સારા દિવસો'' એવા આવી ગયા છે કે ક્યારેક કઠોળ, ક્યારેક શાકભાજી, ક્યારેક તેલ, ક્યારેક ખાંડ સામાન્ય માણસના બજેટને બગાડે છે. ખડગેએ કહ્યું કે દેશ મોંઘવારીથી પીડાઈ રહ્યો છે, પરંતુ ભાજપ ધ્યાન ભંગ અને વાહિયાતતાનો આશરો લઈને તેના દુષ્કૃત્યોથી બચવાનો પ્રયાસ કરે છે, પરંતુ કોંગ્રેસ ફુગાવા પર સવાલ ઉઠાવતી રહેશે. ખડગેએ પોતાના ટ્વિટમાં ડુંગળી, ખાંડ અને તેલ સહિત અનેક ચીજવસ્તુઓના વધતા ભાવનો ઉલ્લેખ કર્યો હતો.

આ ટ્વિટ દ્વારા, ખડગેએ મોદી સરકાર સત્તામાં આવી તે પહેલાં વિવિધ ચીજવસ્તુઓના ભાવ, એટલે કે મે ૨૦૧૩ માં, અને તેમના ભાવ, એટલે કે ૨૦૨૬ માં, અને ટકાવારીમાં વધારો સમજાવવાનો પ્રયાસ કર્યો. મે ૨૦૧૩ ની તુલનામાં, ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં, દૈનિક આવશ્યક ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે. લીલા શાકભાજી અને મૂળભૂત ખાદ્ય ચીજવસ્તુઓને સૌથી વધુ નુકસાન થયું છે. ૧૩ વર્ષ પહેલાં ૧૭.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતા ટામેટાં હવે ૧૨૦ રૂપિયા પર પહોંચી ગયા છે. એ જ રીતે, ડુંગળી ૨૧૭ ટકા અને લોટ ૨૨૮ ટકા મોંઘા થઈ ગયા છે.

દૂધ, ખાંડ, તેલ અને કઠોળ જેવી મૂળભૂત ચીજવસ્તુઓના ભાવ બમણાથી વધુ થઈ ગયા છે. ખડગે કહે છે કે જ્યારે પણ જનતા આ મૂળભૂત અધિકારો અને ફુગાવા પર સવાલ ઉઠાવે છે, ત્યારે તેમને વાહિયાત નિવેદનો અને સ્ટંટથી ભટકાવવામાં આવે છે. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે ખાલી વચનો પૂરતા નથી; જનતાને હવે નક્કર ઉકેલો અને રાહતની જરૂર છે. ખડગેએ કહ્યું કે ભાજપ છેલ્લા ૧૨ વર્ષથી દેશમાં સત્તામાં છે, અને ''સારા દિવસો'' ની સ્થિતિ એવી છે કે ક્યારેક કઠોળ, ક્યારેક શાકભાજી, ક્યારેક તેલ, ક્યારેક ખાંડ અને ક્યારેક ડુંગળી સામાન્ય માણસનું બજેટ બગાડે છે.

ખડગેએ કહ્યું કે ભાજપ છેલ્લા ૧૨ વર્ષથી દેશમાં સત્તામાં છે, અને ક્યારેક ''સારા દિવસો'' ની સ્થિતિ એવી છે કે ક્યારેક કઠોળ, ક્યારેક શાકભાજી, ક્યારેક તેલ, ક્યારેક ખાંડ અને ક્યારેક ડુંગળી સામાન્ય માણસનું બજેટ બગાડે છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દેશમાં વધતી જતી મોંઘવારી અંગે મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે ભાજપ ૧૨ વર્ષથી સત્તામાં છે, અને ''સારા દિવસો'' એવા આવી ગયા છે કે ક્યારેક કઠોળ, ક્યારેક શાકભાજી, ક્યારેક તેલ, ક્યારેક ખાંડ સામાન્ય માણસના બજેટને બગાડે છે. ખડગેએ કહ્યું કે દેશ મોંઘવારીથી પીડાઈ રહ્યો છે, પરંતુ ભાજપ ધ્યાન ભંગ અને વાહિયાત નિવેદનબાજીનો આશરો લઈને તેના દુષ્કૃત્યોથી બચવાનો પ્રયાસ કરે છે, પરંતુ કોંગ્રેસ ફુગાવા પર સવાલ ઉઠાવતી રહેશે. ખડગેએ પોતાના ટ્વિટમાં ડુંગળી, ખાંડ અને તેલ સહિત અનેક ચીજવસ્તુઓના વધતા ભાવનો ઉલ્લેખ કર્યો.

દૂધ, ખાંડ, તેલ અને કઠોળ જેવી મૂળભૂત ચીજવસ્તુઓના ભાવ બમણાથી વધુ થઈ ગયા છે. ખડગેએ કહ્યું કે જ્યારે પણ જનતા આ મૂળભૂત અધિકારો અને મોંઘવારી પર સવાલ ઉઠાવે છે, ત્યારે તેઓ વાહિયાત નિવેદનો અને સ્ટંટથી ભટકી જાય છે. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે ખાલી વચનો પૂરતા નથી; જનતાને હવે નક્કર ઉકેલો અને રાહતની જરૂર છે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શીર્ષક- શ્રાવણી અભિષેક.

**કાર્તિકેય એટલે શૌર્ય અને ગણેશ એટલે ધૈર્ય એમ શિવની બે અદભુત ભૂજાઓ છે.**

હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રૂપે રહેલા આપનાં સૌમિત્રી સ્વરૂપને મારા સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. રુદ્ર સંહિતામાં ઘણાં પ્રસંગો છે, જેને વિષે આપણે વાત કરી. પાર્વતી એટલે શુદ્ધ સાત્વિકી શ્રદ્ધા જે કામધેનુ સમાન છે, અને પાર્વતી રુપી શ્રદ્ધાથી ભક્તમાં નિતનૂતન દૂધ જેવાં ધવલ કાંતિમય જ્ઞાનની વૃદ્ધિ થાય છે. પાર્વતીનાં લગ્ન સમયે તુલસીદાસજી એની સુંદરતાનું અદભુત વર્ણન કરે છે, અને એ સમયમાં સૌથી સુંદર સ્ત્રી ''મા પાર્વતી'' હતાં, પણ આપણને એવો વિચાર આવે કે શબ્દથી શંકરનું ચરિત્ર એટલું રુચિકર નથી! એટલે કે ગૃહસ્થાશ્રમ માટે ! તો એક સ્ત્રી તરીકે પાર્વતીને આકર્ષિત કરનાર એ રુપ કે સ્વરૂપની મહત્તા શું હતી? રુદ્ર સંહિતાનાં કુમાર ખંડની શરૂઆતમાં એનો જવાબ છે.

વંદના કરવાથી જેનું મન પ્રસન્ન થઈ જાય છે, જેમને પ્રેમ અત્યંત વ્હાલો છે. જે પ્રેમ પ્રદાન કરનાર છે, પૂર્ણાનંદમય, ભક્તોની અભિલાષા પૂર્ણ કરનારા, સંપૂર્ણ એશ્વર્યોના એકમાત્ર આવાસ સ્થાન અને કલ્યાણ સ્વરૂપ છે. સત્ય જ જેમનો શ્રીવિગ્રહ છે, જે પૂર્ણ સત્યમય છે. જેમનું એશ્વર્ય ત્રિકાલબાધિત છે. જે સત્યપ્રિય અને સત્યપ્રદાતા છે. બ્રહ્મા અને વિષ્ણુ જેની સ્તુતિ કરે છે. સ્વેચ્છા અનુસાર શરીર ધારણ કરનારા, એ ભગવાન શિવની હું વંદના કરું છું! અને હજી વધુ કહેવું હોય તો જે ભક્તની નાની મોટી ભૂલોને ગણકાર્યા વગર એની ઈચ્છા પૂરી કરે છે.

કુમાર ખંડમાં આગળ કાર્તિકેય અને ગણેશનાં અસ્તિત્વની કથા આવે છે. કુમાર કાર્તિકેય દ્વારા તારકાસુરનાં વધની કથા,ગણેશની ઉત્પત્તિ, ભગવાન શિવ દ્વારા એનું મસ્તક કાપવું, પાર્વતી નો વિલાપ, પછી હાથીનું મસ્તક મુકવું, પાર્વતી દ્વારા એને ચિરંજીવીનું વરદાન, શિવ દ્વારા એને સર્વાધ્યક્ષ ઘોષિત કરવો, અને અગ્રગણ્ય માનવા, શિવજી એ વિઘ્ન વિનાયકનું વરદાન આપ્યું. સર્વ દેવતાઓ દ્વારા સ્તુતિ, કાર્તિકેય અને ગણેશ બંનેની બાળ લીલા, બંનેનાં વિવાહની શરત, એમાં ગણેશનું વિવેક પૂર્વક જીતવું! રિદ્ધિ સિદ્ધિ સાથે વિવાહ. કુમાર કાર્તિકેયનું પૃથ્વીની પ્રદક્ષિણા કરી પરત ફરવું! માતાપિતાએ પક્ષપાત કર્યો, એવું લાગતાં રિસાઈને ક્રૌંચ પર્વત પર જતાં રહેવું, ત્યાં સુધીની કથા આવે છે.

પુત્રને પિતાની ભૂજા કહેવામાં આવે છે, અથવા તો પુત્ર એ પિતાનાં બાવડાનું બળ છે! એવાં મહાવરા પ્રચલિત છે. ગણેશ અને કાર્તિકેય એ પણ શંકરનાં બે પુત્રો છે, અને એટલે એ પણ એમની ભૂજાઓ કહેવાય! તો એ રીતે કાર્તિકેય અને ગણેશનું શબ્દ તત્વ ચિંતન કરીએ.

કાર્તિકેય** કુમાર કાર્તિકેયને શંકર પાર્વતીનાં પુત્ર તરીકે ઓળખવામાં આવે છે, હાલાકી શિવ પુરાણમાં કાર્તિકેયને શંકર પાર્વતી પાસે આણવામાં આવ્યા એવો ઉલ્લેખ સ્પષ્ટ છે. એનાં જન્મ માટે પુરાણોમાં કેટલીય કથા મળે છે. સતી દક્ષ યજ્ઞમાં હોમાઈ ગયાં, ત્યારબાદ ત્રણેય લોકમાં ક્રોધમાં ઘુમતા ભગવાન શંકરનું વીર્ય અગ્નિ દેવે ગંગાને સાચવવા આપ્યું, અને કૃતિકા નામની સ્ત્રી એ ગંગામાં સ્નાન કર્યું, એટલે એ ગર્ભવતી બની, અને પછી છ સ્ત્રીઓ દ્વારા એનો ઉછેર થયો, એટલે એ ષડમુખી થયાં, અને જ્યારે તારકાસુરનો વધ માત્ર શિવપુત્ર દ્વારા થશે એવું વરદાન મેળવી, તારકાસુર એ સમગ્ર સૃષ્ટિ પર કહેર વર્તાવ્યો, ત્યારે કુમાર કાર્તિકેયને શિવ પાર્વતી પાસે લાવવામાં આવ્યો, અને ત્યારે એની ઉંમર છ વર્ષની હતી! માત્ર છ વર્ષની ઉંમરે એમણે યુદ્ધ કર્યું! અને તેથી કુમાર કાર્તિકેયને દેવોનાં સેનાપતિ જાહેર કરવામાં આવ્યાં. કાર્તિકેય, સુબ્રમણ્યમ, સન્મુખ દેવપતિ, જેવા પુરાણમાં કાર્તિકેયનાં ઘણા નામ છે, અને એનું વાહન મોર બતાવ્યું છે. કુમાર સંભવમા શિવ દ્વારા કાર્તિકેયને આકાશી શસ્ત્રો આપ્યાની વાત છે, અને માતા પાર્વતી દ્વારા તેને વેલ નામનો ભાલો આપ્યાની વાત છે, અને આ શસ્ત્રો વડે એણે અસુરો સાથે યુદ્ધ કર્યું હતું, અને વિજયી બન્યાં હતાં, ત્યારથી એમને વીજયના દેવ માનવામાં આવે છે. પુરાણોમાં કાર્તિકેયને બ્રહ્મચારી કહ્યાં છે, પણ ક્યાંક ક્યાંક એનાં બે લગ્નનો ઉલ્લેખ પણ મળે છે.

ગણેશ** જયા અને વિજયા નામની પાર્વતીની સખીઓ એ પાર્વતીને કહ્યું કે, નંદી, ભૃંગી, વીરભદ્ર, આદિ સૌ શિવનાં જ ગણ એટલે કે સેવક છે, ભલે તે આપણી સેવા પણ કરે જ છે! પરંતુ કોઈ એવું હોય જે આપણા થકી આ દ્વાર પર ઉભું હોય તો કેટલું સારું! અને પાર્વતીને ગળે આ વાત ઉતરી ગઈ ! પાર્વતી એ પોતાનાં શરીરના મેલથી એક ચેતન પુરુષનું નિર્માણ કર્યું! જે બધી બાજુથી શુભ લક્ષણા દિસતો હતો! પાર્વતી એને પોતાનાં પુત્ર બનાવીને દ્વાર પર રાખી દીધાં! શિવજી સમાધિમાં હતાં એટલે આ વાતનો એમને ખ્યાલ નહોતો. ગણેશ શિવજીને રોકે છે, અને બંને વચ્ચે બોલાચાલી વાદવિવાદ તથા દ્વન્દ્વ યુદ્ધ પણ થાય છે! કોપાયમાન શિવએ એનું મસ્તક છેદી નાખ્યું! પાર્વતી દ્વારા વિલાપ! ગણેશ પોતાનો જ પુત્ર છે, એ સત્યનું સામે આવવું, શિવજીએ હાથીનું મસ્તક એનાં પર ગોઠવી એને જીવીત કર્યા! વિચિત્ર દેખાવ વાળા આ બાળકને કોણ પસંદ કરશે! અને શિવ સહિત ત્રિદેવ એ એને સર્વાધ્યક્ષ ઘોષિત કર્યા. ગણેશજીને વિવેકના દેવ કહેવાય છે, તેમજ તેમને વિઘ્ન હર્તા ની ઉપલબ્ધિથી નવાજવામાં આવે છે! સુક્ષ્મ ચિંતન કરીએ તો કઠિન પરિસ્થિતિમાં વિવેક બરકરાર રાખી ધૈર્ય રાખીએ તો મોટા મોટા વિઘ્ન સમાપ્ત થતાં દેખાય! અથવા તો પરિસ્થિતિનો ઉકેલ લાવી શકાય છે. ગણેશનું વાહન ઉંદર છે, અને આ સૃષ્ટિનો કર્તા હર્તા હું નથી, એવી વિવેકમય નિરાભિમાની અવસ્થા જ ઉંદર ઉપર સવાર થઈ શકે.

કાર્તિકેય એટલે સાહસ કે શૌર્યનો પર્યાય, અને ગણેશ એટલે વિવેક મય ધૈર્યનો પર્યાય એમ કહી શકાય!, અને એ રીતે જોઈએ તો ભગવાન શંકરની ભૂજાઓમાં કાર્તિકેય રુપી શૌર્ય છે, અને ગણેશ રુપી ધૈર્ય છે. પાર્વતી માટે પણ શિવ પુરાણમાં પાપ રહિતે એવું સંબોધન છે, અને સ્વયં શિવ તો કલ્યાણનું જ સ્વરૂપ ધરાવે છે!; પોતે તો ત્રિગુણાતિત છે, એટલે કે સત્વ રજસ અને તમસથી પરે છે, પરંતુ ભક્તનાં સત્વ, રજસ અને તમસથી પ્રેરાઈને પરિણામ આપતા નથી. ઉલટું દેવ, દાનવ, ગંધર્વ, કે કિન્નર, એમ ભેદ પણ જોતાં નથી. એક બાજુથી રાવણને વરદાન આપે છે, અને બીજીબાજુથી એ જ રાવણને મારવાં હનુમાન સ્વરૂપે પ્રગટ થઈ, રામ રાવણનાં યુદ્ધની મુખ્ય ભૂમિકા અદા કરે છે. આમ આખો પરિવાર જગતના શુભ માટે, કલ્યાણ માટે, કે પછી વિઘ્ન હરવા સદા તત્પર રહે છે! એવાં શિવત્વને આરાધવાનો શ્રાવણ ગતિ કરી રહ્યો છે, ત્યારે આપણે પણ ભક્તિનાં મંગલ ભાવ તરફ ગતિ કરી શકીએ, એવી શિવ ચરણે પ્રાર્થના. ૐ નમઃ શિવાય.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# રાજકોટ જીલ્લામાં છ જુગાર દરોડામાં ૪૨ ઝડપાયા

## ગોંડલના ગોમટામાંથી દસ, શાપરમાંથી સાત, ધોરાજીમાંથી પાંચ, લોધીકાના રાવકીમાંથી સાત, ભાયાવદરના માખીયાળામાંથી પાંચ, જેતપુરમાં બે મહિલા સહિત આઠને પકડી લેવાયાઃ રોકડ ગંજીપાના કબ્જે

અમદાવાદ, તા. ૨૫

રાજકોટઃ શહેર તેમજ રાજકોટ જીલ્લામાં શ્રાવણીયા જૂગારની મોસમ પુરબહારે ખીલી ગઈ છે. રોજેરોજ જૂગારના દરોડા પડી રહ્યા છે. આ વચ્ચે રાજકોટ જીલ્લામાં જુગારના વધુ ૬ દરોડામાં બે મહિલા સહિત ૪૨ તાસપ્રેમીઓને પોલીસે પકડી લઈ જૂગારધારાના કેસના આરોપી બનાવ્યા હતાં. એકતરફ શ્રાવણમાં શીવ ભગવાનની ભક્તિના ઘોડાપુર ઉમટે છે તો બીજી તરફ ઠેકઠેકાણે જૂગાર રસિકોના અડ્ડા જામી જાય છે.

જીલ્લા પોલીસના જૂગારના દરોડાની વિગતો જોઇએ તો લોધિકા પોલીસે રાવકી ગામે જાહેરમાં જૂગાર રમતા (૧) લખમણ દેવાભાઇ બગડા (ઉ.વ.૪૮) રહે. રાવકી ગામ તા. લોધીકા, (૨) રમણીક વાલજીભાઇ ચાંડપા (ઉ.વ.૫૯) રહે. ઢોલરા તા. લોધીકા (૩) પ્રવિણ ભીખાભાઇ રાઠોડ, (ઉ.વ.૫૫રહે. રાવકી તા. લોધીકા) (૪) પ્રવિણ ઉર્ફે કાળુ દેવાભાઇ બગડા (ઉ.વ.૫૧) રહે. રાવકી ગામ તા. લોધીકા, (૫) ચીરાગ અમરાભાઇ સાગઠીયા (ઉ.વ.૨૫) રહે. ખાંભા તા. લોધીકા (૬) દીપક ભીમજીભાઇ બગડા (ઉ.વ.૩૩) રહે. રાવકી તા. લોધીકા (૭) નીતિન પ્રવિણભાઇ ઉર્ફે કાળુભાઇ બગડા (ઉ.વ.૨૬) ની રોકડ, ત્રણ ફોન એનબાઇક મળી કુલ રૂા. ૧,૦૭,૭૦૦ ના મુદામાલ સાથે પકડી લીધા હતાં.

બીજા દરોડામાં ભાયાવદર પોલીસે માખીયાળા ગામે પડવલા-માખીયાળાના સિમાડામા જાહેરમાં જુગાર રમતા જેઠા પુનાભાઇ ડાંગર (ઉ.વ.૫૫ રહે.માખીયાળા તા.ઉપલેટા), પુંજા દુદાભાઇ કળોતરા (ઉ.વ.૪૨ રહે.પડવલા ગામ તા.ઉપલેટા), ચંદુ ઉર્ફે માઇકલ મોહનભાઇ મુછડીયા (ઉ.વ.૩૩ રહે.પડવલા તા.ઉપલેટા), બોદુ ઉમરભાઇ નોઇડા (ઉ.વ.૫૬ રહે. જામનગર, નિલકંઠનગર મુળ રહે.પડવલા તા.ઉપલેટા) શરીફ હુસૈનભાઇ સુમરા (ઉ.વ.૩૪ રહે.પડવલા તા.ઉપલેટા)ને રૂા.૨૩,૮૯૦ની રોકડ સાથે પકડી ભાગી ગયેલા ફારૂક હાજીભાઇ સુમરાની શોધખોળ શરૂ કરી છે.

ત્રીજા દરોડામાં ધોરાજી સીટી પોલીસે જાહેરમાં જુગાર રમતા ભુપત ચોથાભાઇ ડાભી (ઉ.વ.૨૬ રહે.ધોરાજી રામપરા ચાપાધાર પાસે તા.ધોરાજી) મહેશ વિનુભાઇ મેણીયા (ઉ.વ.૨૭, રહે.ધોરાજી રામપરા ચાપાધાર પાસે તા.ધોરાજી), સતીષ કિશોરભાઇ મેણીયા (ઉ.વ.૨૪ રહે.ધોરાજી રામપરા ચાપાધાર પાસે તા.ધોરાજી), રમણીક ગાંડુભાઇ મેણીયા (ઉ.વ.૨૯ રહે.ધોરાજી રામપરા ચાપાધાર પાસે તા.ધોરાજી), હિતેશ ચોથાભાઇ ડાભી (ઉ.વ.૨૯ રહે.ધોરાજી રામપરા ચાપાધાર પાસે તા.ધોરાજી)ને

રોકડ રૂપીયા ૮,૫૫૦/-ના મુદામાલ સાથે ઝડપી લીધા હતા. ચોથા દરોડામાં ગોંડલ તાલુકા પોલીસે ગોમટા ગામની ખડી સિમ વિસ્તારમાં જયેશભાઇ અશોકભાઇ પાંચાણી, રહે-ગોમટા વાળાની કબ્જા ભોગવટાની વાડીની ઓરડીમાં રેઇડ કરી જુગાર રમતા (૧) જયેશ અશોકભાઇ પાંચાણી રહે.ગોમટા ગામ તા.ગોંડલ (૨) ગોપાલ નટુભાઇ ખાચરીયા રહે.પાટીદડ ગામ તા.ગોંડલ (૩) હેંમાગ કાંતીભાઇ મણવર રહે. ગોમટાગામ તા.ગોંડલ (૪) નરેન્દ્રભાઇ નંદલાલભાઇ જીવાણી રહે. પાટીદડ ગામ તા.ગોંડલ (૫) વિમલ સુરેશભાઇ હદવાણી રહે.ચોરડી ગામ તા.ગોંડલને પકડ્યા હતાં.

આ ઉપરાંત વધુ ત્રણ આરોપીઓ (૬) મહેશભાઇ પુનાભાઇ સીતાપરા રહે.પાટીદડ ગામ તા.ગોંડલ (૭) અતુલભાઇ બાબુભાઇ ભાણવડીયા રહે. ગોમટા ગામ તા.ગોંડલ (૮) જેનીશ રમેશભાઈ કાથરોટીયા રહે.ગોમટા ગામ તા.ગોંડલ (૯) યોગેશ ગોરધનભાઇ હદવાણી રહે.ચોરડી ગામ તા.ગોંડલ તથા (૧૦) ગૌતમભાઇ રામજીભાઇ જોરા રહે,ગોમટા ગામ તા.ગોંડલને રોકડા રૂા. ૧,૭૭,૩૧૦, ૭ મોબાઇલ તથા ત્રણ બાઇક મળી કુલ ૨,૮૨,૩૧૦ના મુદામાલ સાથે ઝડપી લીધા હતા.

જ્યારે પાંચમા દરોડોમાં જેતપુર સીટી પોલીસ સ્ટેશન હદ વિસ્તાર આરોપી ગીતાબેન વા/ઓ અજયભાઇ ભટ્ટી રહે. જેતપુર ફુલવાડી રામજી મંદીર રોડ જેતપુર વાળીના કબ્જા ભોગવટાના મકાનમાં અમુક ઈસમો ગંજીપાના વડે હારજીતનો જુગાર રમે છે. જેથી તુરંત જ હકિકત વાળી જગ્યાએ રેઈડ કરી જુગાર રમતા (૧) ગીતાબેન વા/ઓ અજયભાઇ ભટ્ટી રહે. જેતપુર (૨) હમીદાબેન વા/ઓ યુનુસભાઇ મુલતાની રહે.જેતપુર (૩) જીજ્ઞેશભાઇ ઉર્ફે જીતો મહેનદ્રભાઇ પાટડીયા, રહે. જેતપુર ફુલવાડી રામજી મંદીર રોડ (૪) જીતેષભાઇ ગગુભાઇ ભોજવીયા, રહે.જેતપુર ફુલવાડી રામજી મંદીર રોડ (૫) અમીનભાઇ સુમારભાઇ લાખાણી, રહે.જેતપુર ફુલવાડી રામજી મંદીર રોડ (૬) અલ્પેશભાઇ અરવિંદભાઇ સોલંકી રહે.જેતપુર ફુલવાડી રામજી મંદીર રોડ (૭) રસીકભાઇ રમેશભાઇ મકવાણા, રહે.ઉપલેટા નગીના સોસાયટી તા.ઉપલેટા તથા (૮) મેરામભાઇ બાબુભાઇ રાઠોડ રહે.ઢાંક ગામ તા.ઉપલેટાને રોકડા રૂા.૪૮,૫૦૦ અને મોબાઇલ ફોન નંગ-૫ મળી કુલ ૭૩,૫૦૦ના મુદામાલ સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી.

તેમજ છઠ્ઠા દરોડામાં શાપર-વેરાવળ પોલીસે આરોપી ધવલ જેઠાભાઇ હીરપરા રહે. રાજકોટ ના શાપર ગામ સ્થિત રોડમાં રેઇડ કરી જૂગાર રમતા ધવલ જેઠાભાઇ હીરપરા, રહે. રાજકોટ સ્પીડવેલ પાર્ટી પ્લોટ, પાસે, સાનીધ્ય તા. જી. રાજકોટ, પ્રીત દિલીપભાઇ વઘાસીયા રહે. રાજકોટ, કોઠારીયા સ્વાતી રોડ, શેરી નં. ૧, જયપાલભાઇ વિભાભાઇ આગરીયા ઉ.૨૫ રહે. રાજકોટ, સાંઇબાબા સર્કલ, સર્વેશ્વર પાર્ક-૨, રાહુલ આંબાભાઇ ટારીયા રહે. રાજકોટ મોટા મૌવા લક્ષ્મીનો ઢોરો તા. જી. રાજકોટ, ફિરોઝ આદમભાઇ બાંભણીયા રહે. રાજકોટ, કોઠારીયા સોલવંટ, નુરાની પરા, ઇરફાનભાઇ જમાલભાઇ હેરંજા રહે. શાપર (વે.) કનૈયા ચોક, કર્મ. રેસીડન્સી તા. કોટડા સાંગાણી તથા વિજય રમેશભાઇ ભાર્ગવ ઉ.૩૮ રહે. રાજકોટ, આજી ડેમ ચોકડી શ્રીરામ પાર્ક શેરી નં. ૧ તા. જી. રાજકોટને રોકડા રૂા. ૩૭,૨૭૦, ૭ મોબાઇલ કિ. ૫૦,૦૦૦ તથા ત્રણ વાહન મળી કુલ ૭,૪૦,૦૦૦ ના મુદામાલ સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી. આમ વધુ ઓગણપચાસ પત્તાપ્રેમીઓ ઝપટે ચડ્યા હતાં.

### ઘર હોય ત્યાં વાસણ ખખડે...પણ ઘણીવાર વાત વણસે અને દાખલ થઇ જાય એફઆઇઆર

# વૃદ્ધાને પતાવી-ખોટા કેસમાં ફસાવી દેવાની વહુની ધમકી

## બોંતેર વર્ષના સાસુને ઘરમાં રાખવાની ના પાડી મારકુટ કરી બટકુ ભર્યુઃ વચ્ચે પડેલા પતિને પણ માર મારી લીધોઃ બેભાન થવાનું નાટક કરી પોલીસને પતિ-સાસુ બંનેના નામ આપી દેશે કહી દેકારો મચાવ્યોઃ આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટઃ ઘર હોય ત્યાં વાસણ ખખડે એવી કહેવત છે. એટલે કે સંસાર જીવન વખતે સાસુ વહુ વચ્ચે કે પતિ-પત્નિ વચ્ચે જીણી મોટી વાતે ચડભડ થતી રહેતી હોય છે. આવુ અનેક પરિવારોમાં બનતું હોય છે. પરંતુ બાદમાં ઘીના ઠામમાં ઘી પડી જતું હોય છે. સહનશક્તિ અને જતું કરવાની ભાવના બંને પક્ષે અપનાવી લઇ આવી માથાકુટને પાછળથી શાંત પાડી દેવામાં આવતી હોય છે. પરંતુ ઘણીવાર ડખ્ખા વકરી જાય ત્યારે વાત પોલીસ સુધી પહોંચી જતી હોય છે. આવી જ એક ઘટના રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશન તાબેના મહિકા ગામમાં બની હતી. જેમાં બોંતેર વર્ષના વૃધ્ધાને તેની પુત્રવધૂએ ઘરમાંથી નીકળી જવાનું કહી ઢીકાપાટા મારી બટકુ ભરી લીધુ હતું અને પોતે બેભાન થવાનું નાટક કરી આખા ઘરને ખોટા કેસમાં ફસાવી દેશે તેવી ધમકી આપી હતી.

આ કિસ્સામાં પોલીસ સુધી વાત પહોંચતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. વિગતો જોઈએ તો શહેરના રાજકોટ-ભાવનગર હાઇવે પર મહિકા ગામમાં રહેતાં બોંતેર વર્ષના વૃધ્ધા પર તેની જ પુત્રવધૂએ હુમલો કરી મારામારી કરી હાથમાં બટકુ ભરી લઇ ડોશી તારે આ ઘરનું પગથીયું ચડવાનું નહિ, નહિતર મારી નાંખીશ કહી ધમકી આપી તેમજ બેભાન થવાનું નાટક કરી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતાં ચકચાર જાગી છે. આ બનાવમાં આજીડેમ પોલીસે રાજકોટ-ભાવનગર હાઇવે પર આવેલા મહિકા ગામમાં રાધીકા રેસીડેન્સી શેરી નં. ૧ બ્લોક નં. ૪૬માં રહેતાં બોંતેર વર્ષના નીલમબેન સુરેશભાઇ કાચાનામના વૃધ્ધાની ફરિયાદ પરથી તેમની પુત્રવધૂ કાજલબેન કમલેશભાઇ કાચા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.

આ કિસ્સામાં ભોગ બનેલા વૃધ્ધા નીલમબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું. મારી સાથે પતિ સુરેશભાઇ, નાના દિકરા કમલેશભાઇ, તેની પત્નિ કાજલબેન સાથે રહુ છું. જ્યારે મોટા દિકરા અલ્પેશભાઇ અલગ તેના પરિવાર સાથે

રહે છે. પુત્રવધૂ કાજલબેન બે વર્ષથી રિસામણે છે અને તેણીએ મારા દિકરા કમલેશભાઇ પર ભરણપોષણનો કેસ કર્યો છે. તા. ૨૨/૮ના હું મારા મોટા દિકરા અલ્પેશભાઇના ઘરે ગઇ હતી. રાતે નવેક વાગ્યે હું પરત મારા દિકરા કમલેશભાઇના ઘરે આવી હતી. આ વખતે તેની પત્નિ કાજલ આવી હતી. તેણી મારા દિકરાને કહેવા લાગી હતી કે હું તારા માતા-પિતાને મારી સાથે રાખીશ નહિ, મારે તેની સાથે રહેવું નથી. જેથી તેને કહ્યો કે અહિથી ચાલ્યા જાય.

આ બાબતે મારા દિકરાએ તેમજ મેં કાજલને સમજાવવાનો પ્રયાસ કરતાં તે ઉશ્કેરાઇ ગઇ હતી અને ગાળો દેવા માંડી હતી. મારા દિકરાએ ગાળો દેવાની ના પાડતાં તેણે અચાનક મારામારી ચાલુ કરી દીધી હતી. તેણે ઢીકાપાટુનો માર મારી મારા ડાબા હાથના કાંડા પર બટકુ ભરી લીધુ હતું. મારી મોટી ઉમરને કારણે હું તેને રોકી શકી નહોતી. હું નીચે પડી જતાં મારા દિકરાએ અને પૌત્રી વિશ્વા જે સાત વર્ષની છે તે તેણે વચ્ચે પડી મને બચાવી હતી. આ પછી પણ પુત્રવધૂ કાજલે -ડોશી તારે ઘરનું પગથીયું ચડવાનું નહિ, નહિતર તને પતાવી દઇશ તેમ કહી ધમકી દીધી હતી.

ત્યારપછી તેણે મારા દિકરા સાથે પણ મારામારી કરી હતી અને દેકારો કરી કહ્યું હતું કે-હમણા હું બેભાન થઇને હોસ્પિટલમાં દાખલ થઇ તારુ અને તારા દિકરાનું નામ લખાવી દઇશ, ખોટા કેસમાં ફીટ કરાવી દેવાની છું, જીવા જેવી રહેવા નહિ દઉ, આખા પરિવારનું નામ લખાવી દઇશ તેમ કહી ૧૦૮ બોલાવી હતી અને તેમાં બેસી હોસ્પિટલે ગઇ હતી. મને પણ મારા દિકરાએ સારવાર માટે ખસેડી હતી. જ્યાં સારવાર બાદ મને ડોક્ટરે રજા આપી હતી. આ પછી અમે પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ કરી હતી. તેમ વધુમાં નીલમબેન કાચાએ જણાવતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. કે. વી. જોડાએ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી કરી હતી. આ બનાવે ગામમાં ભારે ચર્ચા જગાવી દીધી હતી.

# દિકરાના વિયોગમાં વૃધ્ધાનો આપઘાત

રાજકોટ, તા. ૨૫

રાજકોટઃ આપઘાતની વધુ એક ઘટનામાં એક પરિવારના વૃધ્ધ સદસ્યએ મોત વ્હાલુ કર્યુ હતું. નવા થોરાળા વિસ્તારમાં પાંચ વર્ષ પહેલા ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેનારા દિકરાના વિયોગમાં ૭૯ વર્ષના વૃધ્ધાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વધુ માહિતી અનુસાર નવા થોરાળા શેરી નં. ૯માં રહેતાં જીવીબેન ગેલાભાઇ માદલીયા નામના ઓગણએંસી વર્ષના વૃધ્ધાએ સવારે ઘરે છતના હુકમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લેતાં ૧૦૮ને જાણ કરવામાં આવી હતી.

પણ તબિબે તેમને મૃત જાહેર કરતાં પરિવારમાં ગમગીની છબનાવની જાણ થતાં થોરાળા પોલીસ સ્ટેશનના સ્ટાફે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર જીવીબેનને સંતાનમાં ચાર દિકરા અને ચાર દિકરી છે. સગાના જણાવ્યા મુજબ પાંચેક વર્ષ પહેલા જીવીબેનના મોટા દિકરા અનિલભાઇએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. ત્યારથી તેઓ સતત ગુમસુમ રહેતાં હતાં. દિકરાના વિયોગમાં તેમની માનસિક સ્થિતી પણ અસ્વસ્થ થઇ ગઇ હતી. આ કારણે પગલુ ભરી લીધુ હતું.

# પંદર વર્ષની બાળા સાથે ઢગાનું ચાર વખત દૂષ્કર્મ

## થોરાળા પોલીસ મથક દ્વારા આરોપી સામે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો દાખલ થયો

રાજકોટ, તા. ૨૫

રાજકોટઃ મિત્રતા પ્રેમની જાળમાં ફસાવીને લેભાગુઓ સગીરા, બાળાઓ, યુવતિઓ અને ક્યારેક તો પરણેલી મહિલાઓને પણ ફસાવી લેતા હોય છે અને દુષ્કર્મ આચરી તરછોડી દઇ અથવા તો બ્લેકમેઇલીંગ કરી શારીરિકની સાથે આર્થિક શોષણ પણ કરતાં હોય છે. આવી જ વધુ એક દૂષ્કર્મની ઘટના સામે આવી છે જેમાં થોરાળા પોલીસ સ્ટેશન દ્વારા બાળા સાથે ચાર વખત બળજબરી આચરી લેવાનો ગુનો દાખલ કરાયો છે. પોક્સો સહિતની કલમો હેઠળ આ બનાવમાં કાર્યવાહી કરવામાં આવી છે.

વિગતો જોઇએ તો શહેરમાં સગીરાઓને મિત્રતા અને પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરી જવાના અથવા તો દૂષ્કર્મ આચરી લેવાના બનાવો અવાર-નવાર પોલીસ ચોપડે ચડતાં રહે છે. વધુ એક આવા બનાવમાં થોરાળા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં રહેતી એક પંદર વર્ષની બાળાને પોતે કામ કરવા જતી હોઇ ત્યાં પરિચય થતાં ભોમેશ્વર વિસ્તારના શખ્સે તેણીને ફોન નંબર લખેલી ચબરખી આપી વાતચીતની શરૂઆત કરી બાદમાં પ્રેમજાળમાં ફસાવી અલગ અલગ દિવસે ચાર વખત દૂષ્કર્મ આચરી લીધુ હતું.

તેમજ બાળાને મારી નાંખવાની ધમકી પણ આપતો હોઇ અંતે તેણીએ ઘરમાં વાત કરતાં પોલીસ ફરિયાદ દાખલ કરાવાઇ હતી. આ બનાવમાં થોરાળા પોલીસે ભોગ બનનાર પંદર વર્ષની સગીરાના વાલીની ફરિયાદને આધારે આરોપી વિરૂધ્ધ દૂષ્કર્મ, ધાકધમકી, પોક્સો હેઠળ ગુનો દાખલ કર્યો છે. ફરિયાદની વિગત અનુસાર પાંચેક મહિના અગાઉ બાળા કેટરર્સના કામે જતી હોઇ ત્યાં તેનો પરિચય સાથે કામ કરતાં ભોમેશ્વર વિસ્તારના શખ્સ સાથે થયો હતો. આ પરીચય બાદ એ શખ્સે તેણીને ફોન નંબર દીધા હતાં.

ત્યારબાદ તેણી સાથે વાતો ચાલુ કરી હતી અને તેને ફસાવી લીધી હતી. બાદમાં થોરાળા વિસ્તારમાંથી વાહનમાં બેસાડીને લઇ જઇ પોતે જ્યાં કામ કરતો હતો તે સહિતના સ્થળે ચારેક વખત દૂષ્કર્મ આચરી લીધુ હતું. બાળાને હવે તે ધાકધમકી આપતો હોઇ તેણી ગભરાઇ જતાં પરિવારજનોને વાત કરતાં પરિવારજનો ચોંકી ગયા હતાં. આ અંગે થોરાળા પોલીસ સ્ટેશને પહોંચી જાણ કરતાં પીઆઇ એસ. પી. સોઢા, રાઇટર દિવ્યરાજસિંહ સહિતે બાળાની માતાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે. આરોપી સગીર વયનો છે કે પુખ્ત વયનો? તેની તપાસ પણ હાથ ધરવામાં આવી હતી. અગાઉ પણ આ પ્રકારની અનેક ઘટનાઓ બની ચુકી છે. જેમાં સગીરાઓ, બાળાઓને કોઇપણ રીતે ફસાવી તેની સાથે બળજબરી આચરવામાં આવી હતી. પસંદ કરવા આદેશ આપવામાં આવ્યો છે, જેથી સરકારી ક્ષેત્રના આ નેતૃત્વથી સામાન્ય નાગરિકો અને ખાનગી ક્ષેત્રને પણ પ્લાસ્ટિક મુક્ત જીવનશૈલી અપનાવવાની પ્રેરણા મળશે.

### માત્ર જણ જ પકડાયા એવુ નથી, ૨૭ મહિલાઓ પણ પત્તા ટીચવા બેસી ગઇ હતીઃ અઢી લાખની માલમત્તા થઇ કબ્જેઃ પ્ર.નગર, તાલુકા, એ-ડિવીઝન, માલવીયાનગર, આજીડેમ પોલીસના દરોડા

# શહેરમાં છ દરોડા : ૪૯ જૂગારરસિકો ઝબ્બે

રાજકોટઃ એક તરફ શ્રાવણ મહિનામાં ભક્તિના ઘોડાપુર ઘુઘવી રહ્યા છે તો બીજી તરફ ઠેકઠેકાણે જૂગારના શોખીનો દ્વારા જૂગારધામ ધમધમી રહ્યા છે. રોજબરોજ પોલીસ જૂગારના દરોડા પાડી ઘરમાં જાહેરમાં કે પછી કારખાના સહિતના કોઇ ધંધાના સ્થળો પર પત્તા ટીચનારાઓને પકડતી રહે છે. આવા જૂગારધામોમાંથી માત્ર જણ જ ઝડપાયા એવુ નથી, બાઇમાણા પણ પત્તા ટીચવા અને હારજીત કરવા બેસી જતી હોઇ તેની સામે પણ પોલીસ કાયદેસરની કાર્યવાહી કરી રહી છે. રાજકોટ શહેરમાં છ જૂગારધામમાં પોલીસે દરોડો પાડી ઓગણપચ્ચાસ પત્તાપ્રેમીઓને પકડી લઇ પોલીસ ચોપડે આરોપી બનાવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો પોલીસે છ જૂગારના દરોડા પાડી સત્યાવીસ મહિલાઓ સહિત ઓગણપચાસને પકડી અઢી લાખ આસપાસનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તાલુકા પોલીસે અંબીકા ટાઉનશીપમાં, પ્ર.નગર પોલીસે એરપોર્ટ રોડ, રેલનગરમાં બે સ્થળે, એ ડીવીઝન પોલીસે ટાગોર રોડ ઉપર, માલવીયાનગર પોલીસે મવડી પ્લોટમાં મકાનમાં અને આજી ડેમ પોલીસે ખોખડદળ નદી કાંઠે જાહેરમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડયો હતો. અંબીકા ટાઉનશીપમાં સત્યજીત સોપાન પાસે હેવન હાઇટસ સી-૧૦૦૨માં ભાડે રહેતા નુતનબેન હિમાંશુભાઇ ઉજીયા (ઉ.વ.૩૨)ના ફલેટમાંથી તાલુકા પોલીસના પીએસઆઇ બી.આર.ભરવાડ, કોન્સ્ટેબલ વનરાજભાઇ લાવડીયા સહિતના સ્ટાફે જુગાર રમતા નુતનબેન તેમજ સવિતાબેન ગીરીશભાઇ હાંસલીયા (ઉ.વ.૭૩, રહે. હેવન હાઇટસ), શારદાબેન નારણભાઇ કાલાવડીયા (ઉ.વ.૫૯ રહે. ૫૦૧, ધનેસ્ટ એપાર્ટમન્ટ, જીવરાજપાર્ક જયોત્સનાબેન અશોકભાઇ અમૃતીયા (ઉ.વ.૬૫ રહે. હેવન હાઇટસ), હંસાબેન ભગવાનજીભાઇ માકડીયા (ઉ.વ.૫૮ રહે. હેવન હાઇટસ), બ્રીન્દાબેન મયંકભાઇ માકડીયા (ઉ.વ.૨૯ રહે. આદર્શ સીટી એપાર્ટમેન્ટ, ૮૦ ફુટ રોડ), જયશ્રીબેન ચીરાગભાઇ ગડારા (ઉ.વ.૪૦ રહે. હેવન હાઇટસ) પકડાયા હતાં.

તેમજ ઉપરોક્ત સ્થળેથી જ ક્રિષ્ટલબેન ભૌતીકભાઇ કણસાગરા (ઉ.વ.૩૦ રહે. ફલોરા નેસ્ટ એપાર્ટમેન્ટ, ગણેશ ચોક, અંબીકા ટાઉનશીપ),નયનાબેન સચીનભાઇ કંટારીયા (ઉ.વ.૨૯ રહે. સુરભી પોસીબલ એપાર્ટમેન્ટ, સાંઇબાબા સર્કલ પાસે, કોઠારીયા) વનીતાબેન અરજણભાઇ કનેરીયા (ઉ.વ.૭૫ રહે. હેવન હાઇટસ) અને ક્રિષ્નાબેન પિન્ટુભાઇ ગધરીયા (ઉ.વ.૪૧ રહે. હેવન હાઇટસ)ને રૂા. ૨૧,૬૧૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

બીજા દરોડામાં ટાગોર રોડ પર સુરેશ ચેમ્બર પાછળ તેમજ એપાર્ટમેન્ટમાં ચોથા માળે ફલેટને ૧૦માં રહેતા રાહુલ ડાયાભાઇ નકુમ (ઉ.વ.૨૮)ના ફલેટમાં એ-ડીવીઝન પોલીસના પીએસઆઇ એ.સ.આર.ચાવડા હેડકોન્સ્ટેબલ મહેશભાઇ ચાવડા સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા રાહુલ ઉપરાંત ભુમીત વસંતભાઇ ભલાણી (ઉ.વ. ૩૦ રહે. મોવિયા, ગોંડલ, રામ હરદાસભાઇ વાઝા (ઉ.વ.૩૭ રહે શિવશકિત સોસાયટી, કાલાવડ રોડ)દિપક બુધ્ધગીરી મેઘનાપી (ઉ.વ. ૩૪ રહે શ્રીજી એવન્યુ,પ્રજાપતિ ચોક, અયોધ્યા ચોક) એન રમેશ સામંતભાઇ મકવાણા (ઉ.વ. ૩૭ રહે તીરૂપતિ શેરી નં.૧, ગ્રીનલેન્ડ ચોકડી પાસે)ને રૂા. ૨૬, ૮૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

ત્રીજા દરોડામાં મવડી પ્લોટના નવલનગર શેરી નં. ૫માં શનેશ્વર એપાર્ટમેન્ટમાં ફલેઠ નં.૧૦૨માં રહેતા વેપારી ધર્મેશ ઉર્ફેધમો મેસુરભાઇ પીઠીયા (ઉ.વ.૨૬)ના ફલેટમાંથી માલવીયાનગર પોલીસના પીએસઆઇ કે.ડી. મારૂ, હેડકોન્સ્ટેબલ અનીલભાઇ જીલરીયા સહિત ના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા ધર્મેશ ઉપરાંત ધ્રમીત રાજેશભાઇ કાલરીયા (ઉ.વ.૩૧ રહે. સીલ્વર પેલેસ જીવરાજપાર્ક), જુગર પ્રવીણભાઇ મણવર (ઉ.વ. ૨૯. રહે) શ્રધ્ધા પાર્ક, આહીર શુભમ રમેશભાઇ પાતીર (ઉ.વ.૨૬ રહે.શ્રધ્ધાપુરી) શેરી નં.૨, લાલપાર્ક મેઇન રોડ, દિપેન મહેશભાઇ પાતીર (ઉ.વ.૨૬ રહે. અયોધ્યા સોસાયટી, હરીધવા મેઇન રોડ), દિપેન બીપીનભાઇ રાજાણી (ઉ.વ.૩૫ રહે.શિવપાર્ક, રામેશ્વર મેઇન રોડ, નાણાવટી ચોક) અને જગદીશ ઉગાભાઇ ચૌહાણ (ઉ.વ.૪૦ રહે.જામવાડા તા.ગીરગઢડા) ને રૂા.૫૫ હજારની રોકડ સાથે ઝડપી લીધા હતા.

જૂગારના ચોથા દરોડાની વિગતો જોઇએ તો દરોડામાં એરપોર્ટ રોડ પર મારૂતીનગર અંબીકા એપાર્ટમેન્ટમાં એ૧૦માં રહેતા શાર્લીનબેન દિપકભાઇ મહેતા (ઉ.વ.૨૬)ના ફલેટમાં પ્ર.નગર પીએસઆઇ એસ. ડી.કોઠીવાર અને કોન્સ્ટેબલ રીયાઝભાઇ ભીપોત્રા સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા શાર્લીનબેન ઉપરાંત રીનાબેન વિનુભાઇ (ઉ.વ.૫૦ રહે. મહેતા કોમ્પલેક્ષ હનુમાન મઢી પાસે) અંજનીબેન તેજપાલસિંહ પરમાર (ઉ.વ.૩૧ રહે. અંકુરનગર શેરી નં. ૨, સ્વામીનારાયણ ચોક, જાગૃતીબેન રાજુભાઇ કોટક (ઉ.વ.૩૬ રહે. ગોવર્ધન ચોક શેરી નં.૨ ,મવડી રોડ) જીજ્ઞાબેન ધર્મેશભાઇ અમૃતીયા (ઉ.વ.૪૩ રહે. મધુવન પાર્ક શેરી નંર પાટીદાર ચોક) અને અક્ષય મનોજભાઇ બીજવાણી (ઉ.વ.૨૭ રહે. શ્યામ સાનિધ્ય એપાર્ટમેન્ટ ભોજલરામ સોસાયટી, રેલનગર)ને રૂા. ૩૧ હજારની રોકડ ૪ ફોન સહિત રૂા. ૧,૦૬,૩૫૦ના મુદામાલ સાથે પકડી લીધા હતા.

જ્યારે પાંચમા દરોડામાં જયનગર પાસે ખોખડદળ નદીના કાંઠે જાહેરમાં જુગાર રમતા જેન્તી બાલાભાઇ પરમાર, ધોધા મધુભાઇ બારૈયા, સુજાલ ઘનશ્યામભાઇ પરમાર, સંજય વાયજીભાઇ ડોડીયા, પરાગ પરસોતમભાઇ સાકરીયા, સિધ્ધાર્થ રમેશભાઇ મોરી (રહે.બધા જય નગર), મનીષ જગદીશભાઇ સોલંકી (રહે.મયુરનગર, ભાવનગર રોડ), સિધ્ધરાજ અરવિંદભાઇ સોલંકી (રહે.વેલનાથપરા, લાપાસરી રોડ) અને રવી ભીમજીભાઇ ડોડીયા (રહે.બાલાજી પાર્ક, શણગાર હોલ પાસે) ને આજીડેમ પોલીસના પીએસઆઇ વી.જી.ડોડીયા, કોન્સ્ટેબલ મનીષ ચીરોડીયા અને કુલદીપસિંહ જાડેજા સહિતના સ્ટાફે રૂા.૨૩,૭૯૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

છઠ્ઠા દરોડામાં રેલનગરમાં શ્યામજી કૃષ્ણાવર્મા ટાઉનશીપમાં વીંગ-ઇમાં ૨૦૨માં રહેતા ઇશાબેન અક્ષયભાઇ પરમાર (ઉ.વ.૨૯)ના ફલેટમા પ્ર.નગર પોલીસના પીએસઆઇ એસ.ડી.કોઠીવાર, વીરેન્દ્રસિંહ પરમાર સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા ઇશાબેન ઉપરાંત તેજ ટાઉનશીપમાં રહેતા મિતલબેન જગદીશભાઇ બાલા (ઉ.વ.૪૦ ), રમાબેન દેવજીભાઇ પરમાર (ઉ.વ.૭૫), જયોતીબેન પ્રફુલભાઇ (ઉ.વ.૩૫) સ્નેહાબેન રાજેશભાઇ પરમાર (ઉ.વ.૧૯)નીલમબેન કૃષ્ણભાઇ શ્રીમાળી (ઉ.વ.૩૮)મહારાણા પ્રતાપ ટાઉનશીપમાં રહેતા નીતાબેન દિપકભાઇ સેંદ્રે (ઉ.વ.૫૯), શિતલબેન મનીષભાઇ ભરાડ (ઉ.વ.૩૨) પુનમબેન ધર્મેશભાઇ ભટ્ટાર (ઉ.વ.૩૯) મહર્ષી દયાનંદ સરસ્વતી ટાઉનશીપમાં રહેતા ધારાબેન ધવલભાઇ ચાવડા કઉ.વ.૨૫) અને નીશાબેન ભદ્રેશભાઇ ચાવડા (ઉ.વ.૫૩)ને રૂા. ૧૫,૧૫૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા. આમ ઓગણપચાસ પત્તાપ્રેમીઓના પોલીસ ચોપડે જૂગારના આરોપીઓ તરીકે નામ નોંધાયા હતાં.

### રોકાણ પર નફો લેવા જતાં રોજેરોજ લોકો છેતરાય છે છતાં જાગૃત નથી થતાં

# ગોલ્ડ લોનના નામે આચરાયું અઢી કરોડનું ફ્રોડ

**બેંક સાથે જોડાયેલા ચાર જણાએ ભેળા મળીને રોકાણકારોને શરૂઆતમાં નફો દીધો, પછી બતાવી દીધો અંગુઠો : બીજી ઘટનામાં બેંક કર્મચારીએ જ કરી લીધી સવા પાંચ લાખની ઠગાઇ: બોગસ વાઉચરથી ઉપાડી લીધા રોકડા**

રાજકોટ તા. ૨૬

રાજકોટ: રોકાણ પર નફાની લાલચ આપી છેતરી લેવાના બનાવોમાં લોકો સતત ગઠીયાઓનો ભોગ બની રહ્યા છે. શેર બજારમાં રોકાણ પર અને ઘણીવાર બીટ કોઇનમાં રોકાણ પર નફાની લાલચ આપી છેતરપીંડી કરવામાં આવે છે. તો ઘણીવાર કહેવાતી મંડળીઓ, કંપનીઓમાં રોકાણના નામે પણ લોકોના લાખો કરોડો પડાવી લેવામાં આવે છે. આવી જ વધુ એક ઠગાઇ સામે આવી હતી જેમાં ગોલ્ડ લોનમાં ઉંચા વળતરની લાલચ આપી ચાર લોકોએ ડીસ્ટ્રીબ્યુટર્સને અઢી કરોડનો ડામ આપી દીધો હતો. આ ઠગાઇ કરનારા અન્ય કોઇ નહિ પણ બેંક સાથે સામેલ લોકો હતાં!

વિગતો જોઇએ તો અમદાવાદના સીજી રોડ સ્થિત ફીનો પેમેન્ટ બેંકના ઇન્ડિયા હેડ, ઝોનલ હેડ સહિત ચાર ઉચ્ચ અધિકારીઓ સામે નડિયાદના ડિસ્ટ્રિબ્યુટર સાથે ૨.૪૬ કરોડ રૂપિયાની જંગી છેતરપિંડી આચરવા બદલ સીઆઇડી ક્રાઇમમાં ગુનો નોંધાતા તપાસ શરૂ થઇ છે. બેંકની વિવિધ પ્રોડક્ટ્સ અને ગોલ્ડ લોન સ્કીમમાં સુપર ડિસ્ટ્રિબ્યુટર બનાવી ચા કમિશનની લોભામણી લાલચ આપીને રોકાણકારો પાસેથી કરોડો રૂપિયા પડાવી લીધા બાદ મુદ્દલ અને કમિશન ચૂકવવાનું બંધ કરી દીધું હોવાનો પર્દાફાશ થયા હતો.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર નડિયાદના રહેવાસી કિરણભાઈ પ્રજાપતિ વિવિધ બેંકોની પ્રોડક્ટ્સના ડિસ્ટ્રિબ્યુટર તરીકે કાર્યરત હતા. વર્ષ ૨૦૨૦માં તેઓ ફીનો પેમેન્ટ બેંક સાથે જોડાયા હતા. આ દરમિયાન બેંકના ઝોનલ હેડ કલ્પિત સોની, સુરેન્દ્ર શર્મા, હિમાંશુ મિશ્રા અને ઇન્ડિયા હેડ શૈલેષ પાંડે સહિતના જવાબદાર હોદ્દેદારોએ કિરણભાઈને વિશ્વાસમાં લીધા હતા. ખાસ કરીને ગોલ્ડ લોન યોજનામાં રોકાણ પર મોટું કમિશન આપવાની ખાતરી આપી હતી.

બાદમાં તેને તેમની પાસેથી અલગ-અલગ રોકાણકારો મારફતે કુલ ૨.૪૬ કરોડ રૂપિયાનું જંગી રોકાણ કરાવ્યું હતું. રોકાણકારોનો ભરોસો જીતવા માટે શરૂઆતના તબક્કે આરોપીઓએ કમિશન પેટે ત્રીસ લાખ રૂપિયા નિયમિત ચૂકવ્યા હતા. પણ એકવાર મોટી મૂડી જમા થઈ ગયા બાદ બેંકના અધિકારીઓએ કમિશન ચૂકવવાનું બંધ કરી દીધું હતું અને

રોકાણકારોની મૂળ મુદ્દલ રકમ કે વ્યાજ પરત કરવાનો પણ સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો.

આ ઉપરાંત ફરિયાદીના પાનકાર્ડનો પણ ગેરકાયદે દુરૂપયોગ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. વારંવાર રજૂઆત કરવા છતાં નાણાં પરત ન મળતાં કિરણભાઈએ સીઆઇડી ક્રાઇમના અમદાવાદ યુનિટમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કલ્પિત સોની, સુરેન્દ્રકુમાર શર્મા, હિમાંશુ મિશ્રા અને શૈલેષ પાંડે સામે આયોજનબદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત અને દસ્તાવેજોના દુરૂપયોગ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. સમગ્ર કૌભાંડમાં અન્ય કોઈ મોટા માથાઓની સંડોવણી છે કે કેમ તે દિશામાં સીઆઈડી ક્રાઈમે સઘન તપાસ શરૂ કરી હતી. આમ રોકાણના નામે વધુ એક મસમોટી ઠગાઇ થઇ હતી.

બીજી ઘટના જોઇએ તો ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો ઓપરેટીવ બેંક લીમીટેડ નડિયાદ હેડ ઓફિસ ખાતે વિજિલન્સ ઓફિસર તરીકે ફરજ બજાવતા કિરણભાઈ વિનુભાઈ પરમારે કઠલાલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, બેંક કર્મચારી મિતેષકુમાર ઈશ્વરભાઈ પટેલે છીપડી અને લસુંદ્રા શાખામાં કલાર્ક અને કેશિયર તરીકેની ફરજ દરમિયાન આ ગેરરીતિ આચરી હતી. આરોપી અગાઉ હલદરવાસ શાખામાં કેશિયર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે પણ કેશની ઉઠાંતરી કરવા બદલ તેને ફરજ મોકૂફ કરવામાં આવ્યો હતો.

આ ઘટના બાદ ઉચ્ચ અધિકારીઓના આદેશથી તેની અગાઉની તમામ શાખાઓની તપાસ શરૂ કરવામાં આવી હતી. ઓડિટ તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આરોપી મિતેષકુમારે પોતાના યુઝર આઈડી નંબર ૮૭૨ નો ઉપયોગ કરીને અલગ અલગ ખાતેદારોના લુઝ ફોર્મ ભર્યા હતા. તેમાં ખાતેદારોની ખોટી સહીઓ કરી બનાવટી વાઉચરો તૈયાર કરી તેનો સાચા તરીકે ઉપયોગ કર્યો હતો. આ પ્રકારે તેણે ખાતેદારોના ખાતામાંથી રકમ પોતાના બચત ખાતામાં ટ્રાન્સફર કરી અથવા રોકડા ઉપાડી પોતાના અંગત કામમાં વાપરી લીધા હતા. આરોપીએ છીપડી શાખામાં અલગ અલગ સમય દરમિયાન વિવિધ ખાતેદારોના ખાતામાંથી કુલ રૂ. ૪,૫૯,૦૦૦ ની ઉચાપત કરી હતી.

તેવી જ રીતે લસુંદ્રા શાખામાં ૧૫ જુલાઈ ૨૦૨૨ થી ૨૨ ઓગસ્ટ ૨૦૨૨ દરમિયાન ફરજ પર હતો ત્યારે ખાતેદારોના ખાતામાંથી રૂ. ૭૪,૦૦૦ ઉપાડીને પોતાના કપડવંજ શાખાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. આમ, બંને શાખાઓ મળીને તેણે કુલ રૂ. ૫,૩૩,૦૦૦ ની રકમની હેરાફેરી કરી હતી. રકમ જે તે ખાતેદારોના ખાતામાં પરત જમા કરાવી દીધી હતી. બેંક મેનેજરની ગેરહાજરી દરમિયાન અથવા પોતાના આઈડીનો દુરુપયોગ કરીને તેણે આ સમગ્ર કૌભાંડ આચર્યું હતું. બેંકના ઓડિટ ઈન્સ્પેક્શન વિભાગ દ્વારા કરવામાં આવેલી ઝીણવટભરી તપાસમાં આ ગેરરીતિનો પર્દાફાશ થયો હતો. બેંક કૌભાંડ સંદર્ભે રજૂ કરાયેલા અહેવાલો અને તમામ પુરાવાઓના આધારે કઠલાલ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

### અચાનક જ સ્વજનોની વસમી વિદાયને લીધે ચાર પરિવારોજનોમાં ગમગીની

# બકરાનો ચારો વીણતી મહિલાનું દિલની દગાખોરીથી મોત

**અન્ય બે બનાવમાં આધેડ અને પ્રૌઢના પણ હૃદય બેસી ગયા: મહિલાનું બેભાન થયા બાદ મૃત્યુ: તમામ ઘટના સિવિલ હોસ્પિટલના ચોપડે દર્જ થઇ: એક કિસ્સામાં જિંદગીથી કંટાળી ડિલીવરી બોય ઝેર પી ગયો: એક યુવાન બ્લેડ ચાવીને ગળી ગયો: એક યુવાને નશાની હાલતમાં પછાડ્યા રિક્ષામાં માથા**

રાજકોટ તા. ૨૬

રાજકોટ: એકાએક બેભાન થઇ જવાના ઢળી પડ્યા બાદ મોત નિપજવાના બનાવો અવાર-નવાર બનતા રહે છે. અપમૃત્યુની વધુ ચાર ઘટના સામે આવી હતી. જેમાં મહિલા અને એક આધેડ તથા એક પ્રૌઢના દિલની દગાખોરીથી મૃત્યુ થયા હતાં. જ્યારે એક મહિલા ઘરે બેભાન થઇ ગયા બાદ જીવ ગયો હતો. આ તમામના મૃત્યુ સિવિલ હોસ્પિટલમાં થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો પ્રથમ બનાવમાં કાલાવડના નીકાવામાં નદી કાંઠેથી બકરાનો ચારો વીણતી વખતે અચાનક ઢળી પડતાં એક મહિલા બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. નિકાવામાં નદી કાંઠે રહેતાં ત્રીસ વર્ષના સોનલબેન રસિકભાઇ વાજલીયા ગત ચોવીસમીએ સવારે અગીયારેક વાગ્યે ઘર નજીક નદી કાંઠે પોતાના બે બકરા માટે ચારો વીણવા ગયા ત્યારે ત્યાં એકાએક ચક્કર આવ્યા બાદ પડી ગયા હતાં. બનાવની જાણ થતાં પતિ સહિતના પરિવારજનો દોડી ગયા હતાં. સોનલબેનને બેભાન હાલતમાં કાલાવડ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

અહિ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે કાલાવડ તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર સોનલબેનને સંતાનમાં બે દિકરી છે. પતિ છુટક મજૂરી કરે છે. હાર્ટએટેક આવી ગયાની શક્યતા જણાવાઇ હતી. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

જ્યારે દિલની દગાખોરીથી વધુ બે અપમૃત્યુના બનાવની વિગત જોઇએ તો હૃદય રોગના હુમલાથી વધુ બે પરિવારના સ્વજનોના મૃત્યુ થયા હતાં. માધાપર ચોકડી પાસે રહેતાં પ્રૌઢ ઘરે બેભાન થઇ જતા અને સદ્‌ગુરૂ તિર્થધામ રૈયા રોડ પર રહેતાં આધેડ પણ ઘરે બેભાન થઇ જતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. માધાપર ચોકડીએ બેકબોન રેસીડેન્સીમાં રહેતાં હરેશભાઇ વાલજીભાઇ બોડા નામના પંચાવન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મુળ કાલાવડના શાપરના

વતની હરેશભાઇ ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં.

તેઓ પાંચ ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ કહ્યું હતું. બીજા બનાવમાં રૈયા રોડ સદ્‌ગુરૂ તિર્થધામ પાસે રહેતાં સુડતાલીસ વર્ષના કલ્પેશભાઇ નટવરલાલ ભીમજીયાણી સાંજે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ ટુંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો. તેઓ ચાર બહેનના એકના એક નાના ભાઇ હતાં અને અપણિીત હતાં. મેડીકલ કંપનીમાં દવા સપ્લાયનું કામ કરતાં હતાં. તેઓ બહેન સાથે રહેતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું.

જ્યારે ત્રીજા બનાવમાં મટુકી રેસ્ટોરન્ટ નજીક રાધે હાઇટ્સ ફ્લેટ નં. ૯૦૩માં રહેતાં સુડતાલીસ વર્ષના મધુબેન શૈલેષભાઇ પીપળીયા ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થયું હતું. તેમના પતિ કારખાનામાં કામ કરે છે. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેમને કમળી ગાંઠ થયાનું સગાએ કહ્યું હતું. ત્રણેય બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામ અને તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. આમ ચાર પરિવારોએ સ્વજનો ગુમાવતાં શોક વ્યાપી ગયો હતો.

આપઘાતના પ્રયાસની એક ઘટના જોઇએ તો જામનગરના ગુલાબનગરમાં રહેતાં રવિ બાવનજીભાઇ સાકરીયા નામના પચ્ચીસ વર્ષના યુવાને રાજકોટમાં એસટી બસ પોર્ટ પાછળ ધ પર્લ હોટેલના રૂમમાં હતો ત્યારે ઝેરી દવા પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં એ-ડિવીઝન પોલીસને હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરી હતી. રવિ બે ભાઇ અને બે બહેનમાં નાનો તથા કુંવારો છે અને જામનગરમાં બ્લીંકીટમાં ડિલીવરી બોય તરીકે કામ કરે છે. તેણે કહ્યું હતું કે ત્રણ દિવસ પહેલા પાસપોર્ટ કઢાવવાના કામ માટે રાજકોટ આવ્યો હતો અને હોટેલમાં રૂમ રાખ્યો હતો. જિંદગીથી કંટાળી જતાં આ પગલુ ભર્યુ હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવમાં શાપર વેરાવળના પારડી ગામે રહેતાં અને છુટક મજૂરી કરતાં લલીતભાઇ કાંતિલાલ મહિડા નામના પાંત્રીસ વર્ષના યુવાને રાતે સાડા દસેક વાગ્યે દાઢી કરવાની બ્લેડ મોઢામાં મુકી ચાવીને કટકા કરી ગળે ઉતારી લેતાં હાલત બગડતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીન સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. તે બે ભાઇ અને બે બહેનમાં મોટા છે. રાજકોટથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાતાં શાપર પોલીસે તપાસ હાથ ધરી હતી. જ્યારે ત્રીજી ઘટનામાં ગોંડલ રોડ પર લોહાનગરમાં રહેતાં મુકેશ ધીરૂભાઇ મકવાણા નામના પાંત્રીસ વર્ષના યુવાને રાતે બે વાગ્યે ઇજાગ્રસ્ત થતાં સિવિલમાં ખસેડાતાં અહિ તેણે પોતાને પત્નિ જ્યોતિએ મારકુટ કર્યાનું કહેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ-ડિવીઝનમાં નોંધ કરાવી હતી. જો કે સવારે તેના સગાએ કહ્યું હતું કે મુકેશ રિક્ષા હંકારી ફેરા કરે છે. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. તે દારૂ પીવાની ટેવ ધરાવતો હોઇ રાતે બે વાગ્યે પીને ઘરે આવી દેકારા કરતો હોઇ પત્નિએ ઠપકો આપતાં જાતે જ રિક્ષામાં માથા પછાડતાં ઇજા થઇ હતી.

### યુપીના ખટારાના ચાલકે રાજકોટમાં અકસ્માત સજર્યા બાદ ક્લેઇમ મુકવામાં આવ્યો અને કારસ્તાન ખુલ્યું

# નકલી હેવી ડ્રાઇવીંગ લાયસન્સ બનાવવાનું કૌભાંડ

**આજીડેમ પોલીસે ટ્રક ચાલકની ધરપકડ કરતાં તેણે જે લાયસન્સ રજૂ કર્યુ તે નકલી હોવાનું વીમા કંપનીના અધિકારીની તપાસમાં ખુલ્યું: તપાસનો ધમધમાટ**

રાજકોટ તા. ૨૬

રાજકોટ: બોગસ નકલી ડ્રાઇવીંગ લાયસન્સના અગાઉ પણ પર્દાફાશ થયા હતાં. દરમિયાન રાજકોટ શહેરમાં એક વાહન અકસ્માતના કિસ્સામાં આજીડેમ પોલીસે ગુનો દાખલ કરી આરોપી ટ્રકચાલકની ધરપકડ કરી ત્યારે તેણે હેવી વાહન ચલાવવાનું પોતાની પાસે લાયસન્સ ન હોઇ યુપીના કાનપુરના દેહાત આરટીઓનું નકલી લાયસન્સ પોલીસ સમક્ષ રજૂ કરી દીધાનો પર્દાફાશ ક્લેઇમ કંપનીના ઇન્વેસ્ટીગેશન ઓફિસરની તપાસમાં થતાં આ મામલે પોલીસે ટ્રકચાલક સામે ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ નકલી લાયસન્સ તેણે ક્યાં ક્યારે કોની પાસે બનાવ્યું? બીજા કેટલા આવા લાયસન્સ બન્યા હશે? તે સહિતની તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેરમાં યુપીના એક શખ્સે ટ્રકનો અકસ્માત સર્જતા તેમાં એક મહિલાને ઇજા પહોંચી હતી. આજીડેમ પોલીસે આ કેસમાં ગુનો નોંધી ટ્રકચાલકની ધરપકડ કરી હતી. આ મહિલાએ ગંભીર ઇજા સબબ ઇન્ડસઇન્ડ કંપનીમાં ક્લેઇમ કેસ મુક્યો હોઇ કંપનીના ઇન્વેસ્ટીગેશન દરમિયાન ટ્રક ચાલકે રજૂ કરેલુ હેવી લાયસન્સ બોગસ હોવાનું ખુલતાં આ મામલે સીઆઇડી ક્રાઇમની તપાસ બાદ ગુનો દાખલ થતાં તપાસ શરૂ થઇ છે. આ બનાવમાં આજીડેમ પોલીસે અમદાવાદ ગાયત્રી સર્કલ પાસે ખોડીયારનગર સી-૪૬ ખાતે રહેતાં અને ઇન્ડસઇન્ડ જનરલ ઇન્સ્યોરન્સ કંપનીમાં અમદાવાદ ખાતે સિનીયર મેનેજર તરીકે ફરજ બજાવતાં સુધાકર સેગર મુદ્દલીયારની ફરિયાદ લેવામાં આવી હતી.

તેમની ફરિયાદ પરથી ઉત્તરપ્રદેશના કાનપુરના સિકંદરા તાબેના કસોલર ગામના મુળ વતની અને હાલ ગ્રીનલેન્ડ ચોકડી પાસે સુર્યદિપ લોજીસ્ટીક અંબિકા ગ્રાઉન્ડ ફ્લોર દુકાન નં.૧ ખાતે રહેતાં અભિષેક હાકીમભાઇ સિંહ તથા તપાસમાં ખુલે તેની સામે એફઆઇઆર દાખલ કરાઇ હતી. સુધાકર મુદ્દલીયારે ફરિયાદમાં જણાવ્યું હતું કે અમારી કંપનીમાં થર્ડ પાર્ટી ક્લેઇમ આવે તેમાં હકિકત સાચી છે કે ખોટી તેનું ઇન્વેસ્ટીગેશન કરવાનું કામ મારુ છે. ફરિયાદની વધુ વિગત મુજબ રાજકોટના મોરબી રોડ પર આવેલી ગ્રીન લેન્ડ ચોકડી નજીક સૂર્યદિપ લોજિસ્ટિક્સ પાસે ટ્રક ટેલર નંબર જીજે૦૧સીવાય-૪૨૯૨ના ચાલકે અકસ્માત સજર્યો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઇજા

પામનાર નુતનકુમારી પ્રવેન્દ્રકુમાર દ્વારા રાજકોટ એમ.એ.સી.ટી. કોર્ટમાં રૂ. ૨૧૭/૨૦૨૪થી ક્લેઇમ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

ટ્રક ટ્રેઇલરનો વીમો ઇન્ડસઇન્ડ જનરલ ઇન્સોરન્સ કંપની પાસે હોઇ કોર્ટની સમન્સ પ્રક્રિયા બાદ વીમા કંપની દ્વારા કાનુની તપાસ શરૂ કરવામાં આવી હતી. આ અકસ્માત કેસમાં તપાસ અધિકારીઓએ યુ.પી.ના કાનપુર દેહાત (ગામ કસોલર, તા. સિંકદરા)ના વતની અને હાલ રાજકોટ ગ્રીન લેન્ડ ચોકડી પાસે અંબિકા ગ્રાઉન્ડ લોર પર રહેતા આરોપી ડ્રાઇવર અભિષેકકુમાર હાસિમભાઇ સિંહની અટકાયત કરી હતી. પોલીસે તા. ૨૮/૧૨/૨૦૨૪ ના રોજ આરોપીની અટક કરી જામીન મુક્ત કર્યો હતો. આરોપીએ પોલીસ સમક્ષ કાનપુર દેહાત આરટીઓનું ડ્રાઇવિંગ લાયસન્સ રજુ કર્યું હતું. પણ વીમા કંપનીને આ લાયસન્સની ખરાઈ દરમિયાન શંકા જતાં તેમણે આરટીઓ કાનપુર દેહાતમાંથી સત્તાવાર વિગતો મંગાવી હતી. આ દરમિયાન કાનપુર આરટીઓમાંથી મળેલા વિગતવાર અહેવાલે સમગ્ર કૌભાંડ પરથી પર્દો ઉંચક્યો હતો.

અકસ્માતનો બનાવ તા. ૨૬/૧૨/૨૦૨૪ના રોજ બન્યો હતો, જ્યારે આરોપીના લાયસન્સમાં ટ્રાન્સપોર્ટ કેટેગરી (હેવી વાહન ચલાવવાનું) એન્ડોર્સમેન્ટ તા. ૨૬/૦૫/૨૦૨૫ના રોજ ઉમેરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું! આંકડાકીય અને તારીખવાર પુરાવાઓથી સ્પષ્ટ સાબિત થયું કે અકસ્માતના સમયે આરોપી ડ્રાઇવર પાસે ટ્રાન્સપોર્ટ કેટેગરીનું હેવી ડ્રાઇવિંગ લાયસન્સ હતું જ નહીં. આરોપી પોતે હેવી વાહન ચલાવવાનું લાયસન્સ ધરાવતો ન હોવા છતાં, તેણે ટ્રાન્સપોર્ટ કેટેગરીનું બોગસ અને બનાવટી લાયસન્સ ભું કર્યું હતું. આ લાયસન્સ બોગસ હોવાનું જાણવા છતાં તેણે તેને સાચા તરીકે પોલીસ તપાસમાં રજૂ કર્યું હતું. આ કૌભાંડ બહાર આવતાની સાથે જ સી.આઇ.ડી. ક્રાઇમ ગાંધીનગર પોલીસ ભવન ખાતે અરજી કરવામાં આવી હતી.

ત્યારબાદ સી.આઇ.ડી. ક્રાઇમની સૂચનાથી રાજકોટ ખાતે એમએસીટી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની રચના કરીને ડ્રાઇવર સામે કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ સમગ્ર કૌભાંડ અને ગેરરીતિ મામલે આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેટકર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ પી.એચ.પઢેરીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અભિષેકે આ નકલી લાયસન્સ ક્યાં કોની પાસે બનાવડાવ્યું, બીજા કોણ કોણ સામેલ છે, બીજા કેટલા લાયસન્સ બન્યા? એ સહિતની તપાસ હવે પછી થશે.

રહી ખેત મજૂરી કરતી ત્રીસ વર્ષની રામબાઇ ઘુઘરાભાઇ ધુરીયા નામની પરિણીતાએ વાડીએ ઝેરી દવા પી લેતાં ગંભીર હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ છે. રામબાઇના લગ્ન સાત વર્ષ પહેલા થયા છે. સંતાનમાં ત્રણ દિકરી છે. આ પરિવાર મુળ એમપીનો વતની છે. સગાએ કહ્યું હતું કે રામબાઇનો મગજ તામસી હોઇ ગમે ત્યારે તે ગુસ્સે થઇ જાય છે. ગઇકાલે બધા વાડીમાં કામ કરતાં હતાં ત્યારે તેણીએ એકાએક આ પગલુ ભરી લીધુ હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં લોધીકા પોલીસે તપાસ હાથ ધરી હતી.

### ગઠીયાગીરીની વધુ એક નવી એફઆઈઆરઃ કંપની સાથે મસમોટી છેતરપીંડી

# સવા કરોડના ચોખા બારોબાર સગેવગે!

## પોર્ટ પરથી વિદેશ મોકલવાના હતાં એ ચોખા બોગસ દસ્તાવેજને આધારે ગાયબ કરી દેવાયાઃ બીજી તરફ અડધા કરોડના બોસ સ્કેમમાં ભેજાબાજ યુપીથી ઝડપાયો

રાજકોટઃ છેતરપીંડીની રોજબરોજ નવી નવી ઘટનાઓ પોલીસ ચોપડે ચડતી રહે છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં પોર્ટ ખાતેથી વિદેશ મોકલવોલા ચોખાની ખરીદીમાં એક કરોડ સાડત્રીસ લાખની છેતરપીંડી થઇ ગઇ હતી. મુન્દ્રા પોર્ટ પરથી વિદેશમાં થતા એક્સપોર્ટના વ્યાપારમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની છેતરપિંડી થઇ હોવાનું સામે આવતાં તપાસ થરૂ થઇ હતી. હરિયાણાની એક ફૂડ કંપનીએ મુન્દ્રા પોર્ટ મારફતે દુબઈ ખાતે મોકલાવેલા દોઢસો ટન બાસમતી ચોખા બારોબાર સગેવગે કરી દેવામાં આવ્યા હોવાની ચોંકાવનારી ફરિયાદ મુન્દ્રા પોલીસ સુધી પહોંચતા તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

વિગતો પર નજર કરીએ તો હરિયાણાના કરનાલ ખાતે રહેતા અને દુલારી ફૂડ્સ કંપનીમાં બિઝનેસ હેડ તરીકે ફરજ બજાવતા પુલકીત મિત્તલે નોંધાવેલી ફરિયાદ અનુસાર ગત જાન્યુઆરીમાં દુબઈમાં યોજાયેલા ગલ્ફ ફૂડ એક્ઝિબિશનમાં તેમની મુલાકાત દુબઈની ઝમ-ઝમ અલ્ભર ફિશ ટ્રેડિંગ એલએલપી નામના પ્રતિનિધિઓ સાથે થઈ હતી. જ્યાં બંને પાર્ટીઓ વચ્ચે ૧૫૦૯ સેલા બાસમતી ચોખાનો મોટો સોદો નક્કી થયો હતો. એડવાન્સ પેમેન્ટ પેટે માત્ર ૨ હજાર ડોલર ચૂકવાયા હતા અને બાકીની રકમ કેશ અગેઇન્સ્ટ ડોક્યુમેન્ટ પદ્ધતિથી બેંક મારફતે ચૂકવવાની શરત રખાઈ હતી.ફરિયાદી કંપનીએ ગત મે મહિનામાં મુન્દ્રા પોર્ટના સીએફએસ એરિયામાંથી ૧૫૦ ટન એટલે કે ૩૭૫૦ થેલી ચોખા ભરેલા છ કન્ટેનર દુબઈ મોકલ્યા હતા.

ત્યારબાદ નિયમ મુજબ આ માલ છોડાવવાના અસલ દસ્તાવેજો કરનાલની બેંક મારફતે દુબઈની બેંકમાં મોકલી આપવામાં આવ્યા હતા. પરંતુ, દુબઈની કંપનીએ સમયસર પેમેન્ટ ન ચૂકવતા ફરિયાદીએ ઓનલાઈન પોર્ટલ પર ચેક કર્યું હતું. ત્યારે જાણવા મળ્યું હતું કે દુબઈના ખોર ફકાન પોર્ટ પરથી માલ રવાના થઈને આઠમી જુલાઇએ કન્ટેનર ખાલી પણ થઈ ગયા હતાં. આ મામલે મુન્દ્રા પોલીસે પુલકીત મિત્તલની ફરિયાદના આધારે દુબઈની ઝમ-ઝમ અલ્ભર ફિશ ટ્રેડિંગ, ટ્રીમેક્ષ શિપિંગ અને પીગ્લોબલ કંપનીના સંચાલકો તથા તેના કર્મચારી યાશમીન, રવનીત, રીષભ, રાહુલ, વિકાસ નાયર અને અર્ષદ વિરૂધ્ધવિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી.

વધુ માહિતી અનુસાર આરોપીઓએ એક સુનિયોજિત કાવતરૂં ઘડીને દુલારી ફૂડ્સ કંપનીના બનાવટી લેટરપેડ અને એક બોગસ ઈમેલ આઈડીનો ઉપયોગ કર્યો હતો. આ બોગસ ઈમેલ દ્વારા શિપિંગ કંપનીને સૂચના આપીને માલ છોડાવવા માટેનું અતિમહત્વનું બિલ ઓફ લેડિંગ મેળવી લીધું હતું અને બેંકમાં એક પણ રૂપિયાનું પેમેન્ટ કર્યા વગર જ કરોડો રૂપિયાનો માલ હજમ કરી ગયા હતા.

બીજી તરફ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ડભાસા ગામે આવેલી કંપનીના ડિરેક્ટરના પ્રોફાઇલ પિક્ચર સાથે વોટ્સએપ પર મેસેજ કરી કંપનીના એકાઉન્ટન્ટ પાસે રૂપિયા અડધા કરોડની ઠગાઇના કેસમાં આસામની એક કંપનીના ડિરેક્ટરની ધરપકડ બાદ યુપીના કાનપુરના બીટેકનો અભ્યાસ કરેલ એક યુવાનની ધરપકડ કરવામાં આવી હતી. વિગતો મુજબ ડભાસા ગામે આવેલી સુપરટેક ફેબ્રિક પ્રા.લી. કંપનીના સિનિયર એકાઉન્ટન્ટ હિનલ પટેલના મોબાઇલ પર કંપનીના ડિરેક્ટર ઉત્સવ રાજીવ ગુપ્તાના -હોફાઇલવાળા અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો અને રૂપિયા ૫૦ લાખની માંગણી કરતા એકાઉન્ટન્ટે તાત્કાલિક કંપનીના બેન્ક એકાઉન્ટમાંથી રૂા.૫૦ લાખ આસામની કંપની નામી અહેન ઔષધિયા પ્રા.લી.ના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતાં.

આ રીતે બોસના નામે થતા સાયબર ક્રાઇમના કિસ્સા બાદ વડોદરા જિલ્લાના સાયબર ક્રાઇમે આસામથી કંપનીના એકાઉન્ટમાં રકમ જમા થઇ હતી તે કંપનીના ડિરેક્ટર બોની મેઇટેઇ નોંત્રથોમ્બમ ગૌહાટી-આસામને તેના ઘરમાંથી ઝડપી પાડયો હતો. તેની પૂછપરછમાં તેને બેંક એકાઉન્ટ યુપીના કાનપુરના બટરા ખાતે રહેતા અખિલેશસિંહ શ્યામસિંગ રાજાવતના કહેવાથી ભાડે આપ્યું હોવાની કબૂલાત કરી હતી. દરમિયાન પોલીસની એક ટીમ કાનપુર પહોંચી હતી અને અખિલેશસિંગને ઝડપી પાડયો હતો. બીટેક સુધીનો અભ્યાસ કરેલ અઠ્ઠાવીસ વર્ષનો અખિલેશસિંગ ભાડેથી એક ઓરડીમાં આખો દિવસ રહેતો હતો અને મ્યૂલ એકાઉન્ટ શોધવાનું કામ કરતો હતો.

એકાઉન્ટ શોધ્યા બાદ તે કૌભાંડીઓના મુખ્ય આરોપીઓને વિગતો મોકલતો હતો. પોલીસે તેને પાદરા કોર્ટમાં રજૂ કરી છ દિવસના રિમાન્ડ મેળવ્યા હતાં. સાયબર ફ્રોડ કરનારા કૌભાંડીઓ માટે મ્યૂલ એકાઉન્ટ શોધવાના કામ માટે ઉત્તર -દેશના કેટલાંક ગામો કુખ્યાત છે જેમાં કાનપુર પાસે આવેલ સચેડી ગામના એંસી ટકા યુવાનો સાયબર ફ્રોડના ગુના માટે મ્યૂલ એકાઉન્ટો શોધવાનું કામ કરતા હોવાનું ગુજરાત પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. ઝડપાયેલા અખિલેશસિંહની ધરપકડ કર્યા બાદ તેની પૂછપરછ કરતાં તેનો ભાઇ આર્મીમાં ફરજ બજાવે છે જ્યારે તેના પિતા નિવૃત્ત પોલીસ કર્મચારી હોવાનું ખુલ્યું હતું. જો કે આ ફ્રોડમાં પચાસ લાખમાંથી માત્ર અઢાર લાખ જ બ્લોક થઇ શક્યા હતાં. બાકીના ગઠીયાઓએ ઉપાડી લીધા હતાં.

### કુંવારા તો ઠીક પરણેલા પણ બની જાય છે પ્રેમમાં અંધ, પછી આવે છે માઠુ પરિણામ

# પતિ-સંતાનોને તરછોડનાર મહિલાને પ્રેમીએ દીધો જાકારો

## કહેવાતા પ્રેમીએ સાથે રાખવાની ના કહી દીધીઃ ક્યાંયની ન રહેલી પરિણીતાને અંતે પતિએ જ કાઉન્સેલીંગ બાદ પરત પોતાની સાથે રાખીઃ લેભાગુ કહેવાતા પ્રેમીઓની જાળથી બચજો

રાજકોટ તા. ૨૬

રાજકોટઃ કહેવાય છે કે પ્રેમ આંધળો હોય છે. પરંતુ ઘણીવાર પ્રેમમાં અંધ બની જનારા પરણેલા પ્રેમીઓ પરિવાર સમાજ કે સંતાનોની પણ ચિંતા કર્યા વગર અવીચારી પગલા ભરી પોતાના જ જીવનસાથી સાથે દગો કરી કહેવાતા પ્રેમી કે પ્રેમીકા સાથે હાલી નીકળતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક પરિણીતાને બીજા સાથે પ્રેમ થઇ જતાં પતિ બાળકોને તરછોડીને નીકળી ગઇ હતી. પરંતુ જ્યારે કહેવાતા પ્રેમીએ તેણીને સ્વીકારવાનો ઇન્કાર કરી દેતાં તેના પગ તળેથી ધરતી સરકી ગઇ હતી. અંતે અભીયમ ટીમ સુધી મામલો પહોંચતા સમજાવટ કાઉન્સેલીંગ બાદ આ પરિણીતા ઘરે પરત પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો દામ્પત્ય જીવનમાં દગાખોરી ડગલા માંડે ત્યારે પરિણામ માઠા આવતાં હોય છે. સુખેથી ચાલતી સંસાર જીવનની ગાડી આને કારણે પાટા પરથી ખડી જતી હોય છે. આવી જ ઘટના જોઇએ તો વડોદરાના પાદરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રેમના નામે ચાલતા સંબંધનો કરુણ અંજામ સામે આવ્યો હતો. પાંચ વર્ષથી પાડોશના ગામમાં રહેતા પરિણીત યુવક સાથે સંબંધમાં રહેલી બે બાળકોની માતા પતિ સાથેના ઝઘડા બાદ ઘર છોડીને ેમીના ઘરે પહોંચી ગઇ હતી. પણ જે વ્યક્તિ માટે મહિલાએ પતિ અને બાળકોનો સાથ છોડ્યો હતો, એ જ વ્યક્તિએ મહિલાને પોતાના ઘરે રાખવાનો ઇનકાર કરી દીધો હતો. અંતે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમે સમજાવટ અને કાઉન્સિલિંગથી મહિલાને પોતાની ભૂલનો અહેસાસ કરાવી પતિના ઘરે પરત મોકલી પરિવારને વિખેરાતો બચાવ્યો હતો.

વધુ માહિતી મુજબ પાદરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી મહિલાને પાંચ વર્ષથી બાજુના ગામમાં રહેતા એક પરિણીત વ્યક્તિ સાથે પ્રેમસંબંધ હતો. બંનેને સંતાનો હોવા છતાં આ સંબંધ આગળ વધ્યો હતો. પ્રેમી વારંવાર મહિલા પાસેથી પૈસાની માગણી કરતો હતો અને પ્રેમમાં પડેલી મહિલા તેના ઇરાદા સમજી શકી નહોતી અને તેને પૈસા આપતી હતી. આ દરમિયાન મહિલાના પતિને આ સંબંધની જાણ થતાં ઘરમાં કંકાશ થયો હતો. આ ઘટનાથી વ્યથિત મહિલા રાત્રે પતિનું ઘર છોડીને ેમીના ઘરે પહોંચી ગઇ હતી. પરંતુ મહિલાને પોતાના ઘરે આવેલી જોઈ ેમીએ તેને સ્વીકારવાનો ઇનકાર કરી દીધો હતો અને ત્યાંથી નીકળી ગયો હતો.

એક સમયે જે વ્યક્તિ માટે મહિલા પોતાનું ઘર-પરિવાર છોડીને નીકળી હતી. તે જ વ્યક્તિએ સાથ ન આપતા મહિલા મુશ્કેલીમાં મુકાઈ હતી. મહિલાએ મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કરતાં ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે મહિલાની વાત શાંતિપૂર્વક સાંભળી અને તેને સમજાવ્યું હતું કે, જે વ્યક્તિ માટે તેણે પતિ અને બાળકોને છોડ્યા છે, તે વ્યક્તિ જ તેને સ્વીકારવા તૈયાર નથી. જો ખરેખર પ્રેમ હોત તો મુશ્કેલીની ઘડીએ તેને એકલી છોડીને ન ભાગી જાય, તેવી સમજ આપી હતી. અભયમ ટીમે મહિલાને પોતાના બે બાળકોના ભવિષ્ય વિશે વિચારવા તેમજ પરિવાર તૂટવાથી બાળકો પર પડનારી અસર અંગે સમજાવી હતી. લાંબા સમય સુધી કરાયેલા કાઉન્સિલિંગ બાદ મહિલાને પોતાની ભૂલનો અહેસાસ થયો હતો અને તેણે પતિ પાસે પરત જવાની તૈયારી દર્શાવી હતી.

ત્યારબાદ અભયમ ટીમ મહિલાને તેના પતિના ઘરે લઈ ગઈ હતી. પતિ સાથે પણ કાઉન્સિલિંગ કરી મહિલાને એક તક આપવા સમજાવવામાં આવ્યું હતું. ટીમની સમજાવટ બાદ પતિએ પત્નિને સાથે રાખવા સંમતિ દર્શાવી હતી. આમ અભયમની ટીમની સમયસરની મદદ અને કાઉન્સિલિંગના કારણે એક પરિવાર વિખેરાતો અટકયો હતો અને બે બાળકોને માતા-પિતાથી અલગ થવાની સ્થિતિમાંથી બચાવવામાં આવ્યા હતા. આભયમની આ કામગીરીની સ્થાનિક ગ્રામજનો દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી. જો કે પતિએ પણ અહિ માફીનો રસ્તો અપનાવી પત્નિએ દગાખોરી કરી હોવા છતાં તેણીને સાચવી લીધી હતી. કોઇની ભુલ હોય તો સામે તેને માફી આપનારા પણ હોય છે. આ વાત અહિ સામે આવી હતી.

# શાંતિથી રહેવાનું નહિતર જીવ જશેઃ વેપારીને મારકુટ-ધમકી

## વાહન પાર્કીંગ જેવી વાતે બેડીપરા શ્રમજીવમાં બખેડોઃ ત્રણ જણાએ ગડદા-પાટા અને ગડબાથી હુમલો કર્યોઃ થોરાળા પોલીસે એફઆઈઆર દાખલ કરી

રાજકોટ તા. ૨૬

રાજકોટઃ શહેરમાં રોજબરોજ નાની નાની વાતે પણ લોકો ઉશ્કેરાઇ જઇ મારામારી પર ઉતરી આવી ઘટનાને મોટુ સ્વરૂપ આપી દેતાં હોય છે. નહિ જેવી વાતે ઉકળી ઉઠતાં લોકો ક્રોધ પરનો કાબુ ગુમાવી એવુ કરી બેસે છે કે જેના કારણે તેના નામ પોલીસ ચોપડે ગુનેગાર તરીકે નોંધાય છે. આવી જ એક ઘટના બની હતી. જેમાં બેડીપરા શ્રમજીવી સોસાયટીમાં રહેતાં અને લાતી પ્લોટમાં ઇમિટેશનનું કામ કરતાં વેપારી યુવાનને ઘર પાસે વાહન પાર્ક કરવા જેવી વાતે તેના જ પાડોશી બે યુવાન અને એક અજાણ્યાએ તારો ત્રાસ વધી ગ્યો છે, શેરીમાં રહેવું હોય તો શાંતીથી રહેવું નહિતર જીવથી જઇશ તેમ કહી ઢીકાપાટા મારી વાંસામાં પથ્થર ફટકારી પછાડી દઇ માથે જતાં ખૂનની ધમકી દેતાં મામલો પોલીસમાં પહોંચ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો વેપારી યુવાનને લાતી પ્લોટમાં પોતાની ઓફિસ પાસે બંધ પડેલી બેટરીવાળી ગાડી ઘર પાસે મુકવાની હોઇ તે કારીગર સાથે ગાડી લઇને આવતાં આ વખતે ત્યાં ટુવ્હીલર લઇને ઉભેલા શખ્સને તેનું વાહન દુર લેવાનું કહેતાં આ શખ્સે ગાડી તો અહિ જ રહેશે કહી શેરીમાંથી બીજા બે જણાને બોલાવી આ યુવાનને માર મારી ગાળો દઇ જાનથી મારી નાંખવાની ધમકી આપતાં અને વાંસામાં પથ્થરનો છુટો ઘા મારી પછાડી દેતાં ઇજા થઇ હતી. આ ઘટનામાં થોરાળા પોલીસે બેડીપરા શ્રમજીવી સોસાયટી શેરી નં. ૨/૫ના ખુણે રાજમોતી મીલની સામે રહેતાં પાંત્રીસ વર્ષના રવિભાઇ મગનભાઇ સોરાણીએ એફઆઇઆર દાખલ કરાવી હતી.

પોલીસે તેની ફરિયાદને આધારતેના જ પડોશમાં રહેતાં દેવુ જીમીભાઇ સોલંકી અને પેપુ જયસુખભાઇ સોલંકી તથા એક્સેસ નં. જીજે૦૩એમડી-૪૩૫૬ ઉપર આવેલા અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. રવિ સોરાણી પરિવાર સાથે રહે છે અને કુવાડવા રોડ પૂજારા ટેલિકોમની સામે લાતી પ્લોટમાં ઇમિટેશનની ઓફિસર રાખી ત્યાં ઇમિટેશનનું કામ કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું હતું કે સાંજે હું મારી ઓફિસે બેટરીવાળી ગાડી બંધ પડી હોઇ જેથી મારા ઘરે મુકવાની હોઇ હું, મારો કારીગર ધરવલભાઇ ભરવાડ બંધ ગાડી મુકવા બેડીપરા શ્રમજીવી સોસાયટી ખાતે પહોંચ્યા હતાં. આ વખતે જીજે૦૩એમડી-૪૩૫૬ નંબરનું એક્સેસ લઇને એક શખ્સ મારા ઘર પાસે ઉભો હતો.

મેં તેને અહિ મારે ગાડી રાખવાની છે, તમારૂ વાહન દુર લઇ લો તેમ કહેતાં તેણે ઉશ્કેરાઇ જઇ ગાડી તો અહિ જ રહેશે તેમ કહી ઝઘડો કર્યો હતો. બાદમા તેના ઓળખીતા દેવુ અને પેપુ જે મારી શેરીમાં જ રહે છે તે બંને આવી જતાં ત્રણેયએ મળીને ગાળો દીધી હતી. દેવુ અને પેપુએ 'તારો શેરીમાં ત્રાસ વધી ગયો છે' કહી મને ગાળો ભાંડી હતી અને ઝપાઝપી કરી ઢીકાપાટુ માર્યા હતાં. આ દરમિયાન ત્રણમાંથી કોઇએ પથ્થર ઉપાડી છુટો ઘા કરતાં વાંસામાં લાગી જતાં હું પડી ગયો હતો. દેકારો થતાં મારો કારીગર દોડી આવ્યો હતો.

તેણે મને વધુ મારથી બચાવ્યો હતો. આ પછી આ ત્રણેય ભાગ્યા હતાં અને જતાં જતાં ધમકી આપી હતી કે તારે શેરીમાં શાંતીથી રહેવાનું નહિતર જીવથી જઇશ. બાદમાં મારા મોટા ભાઇ પ્રફુલભાઇ, કાકા પ્રવિણભાઇ સહિતના આવી જતાં મને ફરિયાદ કરવા પોલીસ સ્ટેશને લઇ ગયા હતાં. તેમ વધુમાં રવિભાઇએ કહેતાં થોરાળા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટ એસ. પી. સોઢાના માર્ગદર્શનમાં હેડકોન્સ. નિલેષભાઇ ડામોરે એફઆઇઆર દાખલ કરી કાર્યવાહી કરી હતી.

### વિદેશ જવાની લાલચને લગામ નહિ આપી શકતાં અનેક લોકો બન્યા છે લેભાગુ એજન્ટોનો શિકાર

# યુવતિને વિઝાના નામે ત્રેવીસ લાખનો ડામ

## પ્રોસીઝરના નામે ફ્લાઇટ ટ્રેનીંગ વિઝા લેવડાવી અલગ અલગ એરપોર્ટ પર ફેરવી પરત મોકલી દીધીઃ ચાર ગઠીયાઓની શોધખોળ

રાજકોટઃ વર્ક પરમીટ વિઝાના નામે ઠગાઇના કિસ્સા એક ભુલો ત્યાં બીજા ત્રણ ચાર પોલીસ ચોપડે ચડી જાય છે, જે કિસ્સા પોલીસ સુધી ન પહોંચતા હોય એવા પણ અનેક હશે. વધુ એક વખત આવી ઠગાઇ થઇ હતી. જેમાં એક યુવતિને લાખોનો ચૂનો લગાવી દેવાયો હતો. કેહેવાતા વિઝા એજન્ટે ફ્લાઇટ ટ્રેનીંગના વિઝાના નામે યુવતિ પાસેથી ત્રેવીસ લાખ પડાવી લઇ ખોટા સ્ટેમ્પ લગાવી વિદેશ મોકલવાનો પ્રયાસ કર્યો હતો. યુવતિને અલગ અલગ એરપોર્ટ પર ફેરવ્યે રાખ્યા બાદ પરત મોકલી દેવાઇ હતી. તેનુ સપનુ ચકનાચુર થયુ હતું અને લાખો રૂપિયાનો ચૂનો પણ લાગી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદની યુવતીને અમેરિકા અભ્યાસ માટે મોકલવાની લાલચ આપી વિઝા એજન્ટો દ્વારા એફ વન સ્ટુડન્ટ વિઝા ન મળતા એફ વન લાઇટ ટ્રેનિંગ વિઝા અપાવવાની વાત કરી હતી અને આરોપીઓએ અલગ-અલગ ફી, સર્વિસ ચાર્જ અને ટ્રેનિંગ ફીના નામે ૨૩ લાખ રૂપિયા પડાવ્યા હતા. ત્યારબાદ પાસપોર્ટ પર અમેરિકાના પાંચ વર્ષના એફ વન વિઝાનો ખોટો સ્ટેમ્પ લગાવી તેને સાચો વિઝા હોવાનું કહીને વિવિધ તારીખોની લાઇટ ટિકિટો પણ કઢાવી આપી હતી. કોઈ વિઝા ન બનાવી આપી એજન્ટોએ ઠગાઈ આચરી હતી. યુવતીએ આ મામલે નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વધુ માહિતી અનુસાર અમદાવાદ ખાતે રહેતા અમીષાબેન રૂપાણીએ નવાપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, પ્રેમલતાબેન, રિદ્ધિ જોષી, શુભમ દેસાઈ અને વિશાલ ગાંધી સહિતના શખ્સોએ યુવતીને વિઝા પ્રક્રિયા, બાયોમેટ્રિક, ઈન્ટરવ્યૂ અને ઈમિગ્રેશનના

નામે અલગ-અલગ રકમ ચૂકવવા જણાવ્યું હતું. યુવતીએ વડોદરા ખાતેની ઓફિસમાં જઈને પણ નાણાંની ચુકવણી કરી હતી. આ ઉપરાંત આરોપીઓએ બાદમાં પાસપોર્ટ પર અમેરિકાના વિઝાનો ફોટો મોકલી બાકીની રકમ ચૂકવવા દબાણ કર્યું હતું. પણ અમેરિકા જવા માટેની અલગ-અલગ લાઇટની ટિકિટો કઢાવ્યા બાદ તેને એરપોર્ટ પરથી પરત બોલાવી હતી.

તયારપછી આરોપીઓએ સિંગાપોર થઈને અમેરિકા જવાની વાત કરી હતી. આખરે યુવતીને વિઝા અંગે શંકા જતા અન્ય વિઝા એજન્ટનો સંપર્ક કરતાં કથિત વિઝા ખોટા હોવાનું સામે આવ્યું છે. આરોપીઓએ એકબીજાની મદદગારી કરી કાવતરૂ રચી ખોટા વિઝા તૈયાર કરી સાચા તરીકે ઉપયોગમાં લીધા અને વિઝા ફીના બહાને આશરે રૂ.૨૩ લાખ મેળવી છેતરપિંડી કરી હતી. સમગ્ર મામલે પોલીસે ફરિયાદના આધારે ચાર આરોપી સામે એફઆઇઆર દાખલ કરી પોલીસે તપાસ શરૂ કરી હતી.

આ પ્રકારે વિઝાના નામે અનેક લોકોને કહેવાતા એજન્ટો, કન્સલટન્ટસી કંપનીઓને છેતરીને ચૂના લગાવી દીધા છે. આવા અનેક દાખલા મોજુદ છે. જો કે આમ છતાં લોકો વિદેશ જવાની લાલચને લગામ આપી શકતાં ન હોઇ જેના કારણે લાખો રૂપિયા ગુમાવી બેસે છે. ઘણા લોકો તો વ્યાજે નાણા લઇને, દાગીના ઘર ગીરવે મુકીને પણ રૂપિયાની વ્યવસ્થા કરી કહેવાતા એજન્ટો પર આંધળો વિશ્વાસ કરીને તેને આ રૂપિયા ધરી દેતાં હોય છે. ઘણીવાર આવા ગઠીયા વિઝાના નામે નકલી વિઝા ધાબડીને ભાગી જાય છે અને ઘણીવાર પ્રોસીઝર ચાલુ છે તેવુ બહાનુ ધરી રાતોરાત ઓફિસ બંધ કરીને ભાગી ગયાના પણ દાખલા મોજુદ છે.

# મનપામાં નવા શાસનનો પાવર કે વિકાસની બ્રેક?

## ભાજપની નવી બોડીના ૩ મહિનાઃ તંત્રમાં અસંતોષ અને કામો ઠપ્પ! : અધિકારીઓ 'બેકફૂટ' પરઃ ટેન્ડર પ્રક્રિયા બંધ અને બજેટ મૂર્છિત : અંદાજપત્રમાં મંજૂર થયેલા ૮૪૬ કરોડના ૯૮ જેટલા મહત્ત્વના કામો પર બ્રેક મારી દેવાતાં આખું બજેટ ઓક્સિજન પર?

રાજકોટ, તા. ૨૬

મહાનગરપાલિકાની નવી બોડીનું ગઠન થયું તેને ત્રણ માસ પૂર્ણ થઈ ચૂક્યા છે ત્યારે શહેરની વિકાસગાથા ને આગળ ધપાવવા માટેના અનેકવિધ પ્રયત્નો પણ નવનિયુક્ત બોડી દ્વારા કરવામાં આવ્યા છે પરંતુ જે વિકાસ એ ગતિ પકડવી જોઈએ તેના બદલે વિકાસ રથ જાણે થંભી ગયો હોય તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.

પદાધિકારીઓની નવી અને અતિ આક્રમક કાર્યપદ્ધતિને કારણે શાસક પક્ષ અને વહીવટી તંત્ર વચ્ચે એક અદ્રશ્ય ખેંચતાણ અને અસંતોષ ઊભો થયો છે, જેના મિશ્ર તથા ઘેરા પડઘા આખા કોર્પોરેશનમાં સંભળાઈ રહ્યા છે. એક તરફ શાસકો કડક છાપ છોડવા માંગે છે, તો બીજી તરફ વહીવટી અધિકારીઓએ સતત થતી ઝાટકણીથી બચવા માટે 'સેફ મોડ' અપનાવીને પોતાની કામગીરી એકદમ ધીમી કરી દીધી છે. આ પરિસ્થિતિના કારણે મહાપાલિકામાં નવા વિકાસ કામોના ટેન્ડરો બહાર પડવાના લગભગ બંધ થઈ ગયા છે અને સમગ્ર બજેટ જાણે મૂર્છિત હાલતમાં મૂકાઈ ગયું છે.

અંદાજપત્રમાં મૂકાયેલા રૂ. ૮૪૬ કરોડના ૯૮ જેટલા મહત્ત્વના કામોને એકઝાટકે રોકી દેવામાં આવ્યા બાદ હવે ટુકડે-ટુકડે છૂટક દરખાસ્તો લાવવામાં આવી રહી છે, જેનાથી કામોની ગતિ સાવ ખોરવાઈ ગઈ છે. શાક માર્કેટ જેવા અમુક બિન-જરૂરી કે વિવાદાસ્પદ કામો રોકવા પાછળના કારણો કદાચ વ્યાજબી હોઈ શકે, પરંતુ તેની આડઅસરમાં જનતા સાથે સીધા જોડાયેલા અતિ મહત્વના પ્રોજેક્ટ્સ પણ અટકી પડ્યા છે. આજે શહેરમાં રોડ-રસ્તા, ડામરકામ, ફાયર સેફ્ટી, નવી પાઈપલાઈનો અને સ્પોર્ટ્સ સંકુલ જેવા પબ્લિક યુટિલિટીના કામો પણ બંધ હાલતમાં છે. રૈયા એક્સચેન્જ પાસેનો બ્રિજ હોય, આત્મીય યુનિવર્સિટી પાસે બનનારો સ્કાયવોક હોય, પર્યાવરણ માટે જરૂરી ઓક્સિજન પાર્ક હોય, નવા બ્રિજના સ્ટડી પ્રોજેક્ટ્સ કે પછી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP)ના અગત્યના કામો હોય- આ તમામ ડ્રીમ પ્રોજેક્ટ્સ હાલ કોલ્ડ સ્ટોરેજમાં ધકેલાઈ ગયા છે અને કાગળ પર જ અટકેલા જોવા મળે છે.

મહાપાલિકાનું આંતરિક રાજકારણ અને કામગીરી હવે એક વિચિત્ર મોડ પર આવી પહોંચ્યા છે. સ્ટેન્ડિંગ કમિટીમાં રાબેતા મુજબ દરખાસ્તો મંજૂર કરી દેવાય છે, પરંતુ જ્યારે જનરલ બોર્ડ મળે ત્યારે શાસકો દ્વારા અધિકારીઓની જાહેરમાં ખબર લેવાનું અને ઝાટકણી કાઢવાનું હવે સામાન્ય બની ગયું છે. આ પરિસ્થિતિને કારણે સમગ્ર વહીવટી તંત્રમાં નિરાશા અને ડરનો માહોલ છે. શાસકોના કડક વલણ સામે અધિકારીઓએ નિષ્ક્રિયતાનો રસ્તો અપનાવ્યો છે, જેના કારણે અંતે તો રાજકોટની પ્રજાએ જ ભોગવવાનો વારો આવ્યો છે અને શહેરનો સમગ્ર વિકાસ રુંધાઈ ગયો છે.

### અનેક મોટા પ્રોજેક્ટ્સ 'કોલ્ડ સ્ટોરેજ'માં ધકેલાઈ ગયા હોવાનો સુર ઊઠ્યો

- રૈયા એક્સચેન્જ બ્રિજઃ ટ્રાફિક નિવારણ માટે અત્યંત જરૂરી એવા આ બ્રિજનું કામ અધ્ધરતાલ છે.
- આત્મીય યુનિ. પાસે સ્કાયવોકઃ વિદ્યાર્થીઓ અને પદયાત્રીઓની સુરક્ષા માટેનો સ્કાયવોક પ્રોજેક્ટ અટકી ગયો છે.
- ઓક્સિજન પાર્ક બ્રિજ સ્ટડીઃ શહેરમાં ગ્રીન કવર વધારતો ઓક્સિજન પાર્ક અને નવા બ્રિજના ફિઝિબિલિટી સ્ટડીનું કામ પણ ખોરવાયું છે.
- રોડ અને ફાટકના કામોઃ નવા રસ્તાઓ, ડામરકામ અને રોડ રિપેરિંગની કામગીરી ધીમી પડી છે.
- વોટર એન્ડ ફાયર સેફ્ટીઃ પીવાના પાણીની નવી પાઈપલાઈનો, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને અગ્નિશામક સેવાઓ (ફાયર સ્ટેશન) સંબંધિત અગત્યના કામો ખોરંભે પડ્યા છે.
- સ્પોર્ટ્સ સવલતોઃ રમત-ગમત સંકુલ અને યુવાઓ માટેના સ્પોર્ટ્સ પ્રોજેક્ટ્સ કાગળ પર જ રહી ગયા છે.

### સ્ટેન્ડિંગમાં રાબેતા મુજબ મંજૂરી અને બોર્ડમાં અધિકારીઓની 'ખબર'!

હાલ કોર્પોરેશનમાં નવી નીતિ એવી બની ગઈ છે કે સ્ટેન્ડિંગ કમિટીમાં રૂટિન દરખાસ્તો માત્ર કાગળ પર મંજૂર કરી દેવાય છે, પરંતુ જ્યારે જનરલ બોર્ડ મળે ત્યારે અધિકારીઓને જાહેરમાં આડેહાથ લેવામાં આવે છે. શાસકો અને તંત્ર વચ્ચેનો આ વિરોધાભાસ આખરે રાજકોટની જનતા માટે નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે.

# સૌ. યુનિમાં સિનિયર પ્રોફેસર CAS પ્રક્રિયામાં વિવાદ

## નિયમોના ધજાગરા ઉડ્યાનો પૂર્વ સિન્ડિકેટ સભ્યનો આરોપ

રાજકોટ, તા. ૨૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એકવાર વિવાદના વટોળે ચડી છે. યુનિવર્સિટીમાં હાથ ધરવામાં આવેલી સિનિયર પ્રોફેસર કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમની પ્રક્રિયામાં ગંભીર નિયમભંગ થયો હોવાના આક્ષેપો સામે આવ્યા છે. યુનિવર્સિટીના પૂર્વ સિન્ડિકેટ સભ્ય ડો. ધરમ કાંબલીયાએ આ સમગ્ર પ્રક્રિયા સામે સવાલ ઉઠાવીને કુલપતિ સમક્ષ લેખિત રજૂઆત કરી છે અને સમગ્ર ઈજાપ્રક્રિયા રદ કરી નવેસરથી નિયમાનુસાર યોજવા માંગ કરી છે. . ધરમ કાંબલીયાએ કુલપતિને કરેલી રજૂઆતમાં સીધો સવાલ ઉઠાવ્યો છે કે, સિનિયર પ્રોફેસર ઈજા માટેની સિલેક્શન કમિટીની રચના અને વિષય નિષ્ણાંતોની પસંદગીમાં યુનિવર્સિટીના નિર્ધારિત નિયમોનું પાલન થયું છે કે કેમ તે અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે.

યુનિવર્સિટીના નિયમો મુજબ ઈજા પ્રક્રિયા માટે ત્રણ સબ્જેક્ટ એક્સપર્ટની નિમણૂક કરવાની હોય છે. આ એક્સપર્ટ્સ સિનિયર પ્રોફેસર અથવા ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા પ્રોફેસર કક્ષાથી નીચેના ન હોવા જોઈએ. નિયમ મુજબ આ નિષ્ણાંતોની પસંદગી યુનિવર્સિટીની સક્ષમ સત્તામંડળ દ્વારા મંજૂર કરાયેલી સત્તાવાર પેનલમાંથી જ કુલપતિએ કરવાની હોય છે. કુલપતિ પોતાની રીતે મનસ્વીપણે કોઈ પણ વ્યક્તિને એક્સપર્ટ તરીકે પસંદ કરી શકે નહીં. રજૂઆતમાં સૌથી ચોંકાવનારો આક્ષેપ એ કરવામાં આવ્યો છે કે કેટલાંક કિસ્સાઓમાં કુલપતિએ જે તે ભવનના અધ્યક્ષ પાસેથી એક્સપર્ટના નામો મંગાવ્યા હતા. ત્યારબાદ એ જ ભવનના અધ્યક્ષ પોતે સિનિયર પ્રોફેસર પદ માટે ઉમેદવાર તરીકે ઈન્ટરવ્યૂમાં હાજર રહ્યા હતા. પોતાના જ ઈન્ટરવ્યૂ માટે પોતે જ એક્સપર્ટ નક્કી કરવા એ ભારે હિતોના ટકરાવ સમાન છે. આમ, સિનિયર પ્રોફેસર CAS ની પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ અને નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થયું હોવાનું જણાવી ડો. ધરમ કાંબલીયાએ આ પ્રક્રિયા તાત્કાલિક અસરથી રદ કરી, નિયમોનું ચુસ્તપણે પાલન કરીને નવેસરથી હાથ ધરવા કડક માંગણી કરી છે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લોકાર્પણના ૨૪ દિવસ પછી પણ લાઇબ્રેરીના તાળા ન ખૂલ્યા

# ₹૭.૭૧ કરોડનો 'મહેલ' તૈયાર, પણ વિદ્યાર્થીઓ બહાર!

રાજકોટ, તા.૨૬

ગુજરાતમાં એકમાત્ર રાજકોટમાં સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ₹૭.૭૧ કરોડના ખર્ચે ૨૪ કલાક ખુલ્લી રહેનારી અદ્યતન લાઇબ્રેરીનું ગત ૨ ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જોકે, ઉદ્ઘાટનના ૨૪ દિવસ વીતી ગયા હોવા છતાં આ આધુનિક લાઇબ્રેરી હજુ સુધી વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મૂકવામાં આવી નથી. આ લાઇબ્રેરીમાં RFID (રેડિયો ફ્રીક્વન્સી આઇડેન્ટીફીકેશન) સિસ્ટમ સાથે ૫ લાખ પુસ્તકોનો ડિજિટલ રેકોર્ડ અને વાઇફાઇ ઝૂમ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે, પરંતુ રીડિંગ માટે આ સુવિધા ન મળતા વિદ્યાર્થીઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.



લાઇબ્રેરીના બાંધકામથી લઈને લોકાર્પણ સુધીની સફર અનેક વિઘ્નોથી ભરેલી રહી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૨૧ના અંતમાં અદ્યતન લાઇબ્રેરીનું નિર્માણ કરવા માટે વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો, પરંતુ કોરોના કાળને લીધે ૮ માસ સુધી મજૂરો ન આવતા કામ શરૂ થઈ શક્યું ન હતું. ત્યાર બાદ કન્સ્ટ્રક્શન શરૂ થયું અને વર્ષ ૨૦૨૪ના પ્રારંભમાં બિલ્ડીંગ સંપૂર્ણ તૈયાર થઈ ચૂકી હતી. જોકે, ઝડપ અગ્નિકાંડને પગલે ૯ મીટરથી વધુ ઊંચાઈવાળા બિલ્ડીંગ માટે ફાયર ગઇઈ નો નવો નિયમ આવતા નવી લાઇબ્રેરીનું લોકાર્પણ લાંબા સમય સુધી અટકેલું રહ્યું હતું. ફાયર ગઇઈ ની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ લોકાર્પણ તો થઈ ગયું, પરંતુ હવે જૂની લાઇબ્રેરીમાંથી પુસ્તકો અને સામગ્રી નવી લાઇબ્રેરીમાં શિફ્ટ કરવામાં તથા તમામ પુસ્તકો પર RFID ટેગ લગાવવામાં ભારે વિલંબ થઈ રહ્યો છે, જેના કારણે વિદ્યાર્થીઓ આધુનિક સુવિધાથી વંચિત રહ્યા છે.

આ લાઇબ્રેરી પોતાની આગવી આર્કિટેક્ચરલ શૈલી અને આધુનિક સુવિધાઓ માટે જાણીતી બની છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં આ એવી પ્રથમ લાઇબ્રેરી છે જેનું બિલ્ડિંગ કાચનું અને ગોળાકાર આકારમાં બનાવવામાં આવ્યું છે. આ બિલ્ડિંગને જમીનથી ત્રણ ફૂટ ઊંચાઈ પર બાંધવામાં આવ્યું છે જેથી તેની આકર્ષકતા જળવાઈ રહે. દિવસે લાઈટ ન હોય તો પણ વિદ્યાર્થીઓ સરળતાથી વાંચી શકે તે માટે બિલ્ડિંગમાં ખાસ રિફ્લેક્ટિવ ગ્લાસ નાખવામાં આવ્યા છે. બિલ્ડિંગની આસપાસ સુંદર ગાર્ડન તૈયાર કરાશે જ્યાં વૃક્ષારોપણ કરીને વિદ્યાર્થીઓને પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે રીડિંગ કરવાનો અનુભવ મળશે. ત્રણ માળના આ બિલ્ડિંગમાં ૨ લિફ્ટ મુકવામાં આવી છે અને દરેક માળ પર સ્ટોરેજ ઝૂમ તથા બુક એરિયા ફાળવવામાં આવ્યો છે, જ્યાં એકસાથે ૧૦૦૦ વિદ્યાર્થીઓ બેસીને શાંતિથી અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

# સૌની યોજનાનું પાણી બંધ : રાજકોટ પર જળશંકટ

## દસ દિવસમાં પાણી નહીં મળે તો હાહાકારઃ અધિકારીનો ટૂંક સમયમાં પૂરવઠો પુનઃ શરૂ કરવાનો દાવો

રાજકોટ, તા. ૨૬

રાજકોટવાસીઓ માટે ચોંકાવનારા અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. શહેરમાં પીવાના પાણીનો મુખ્ય આધાર ગણાતી 'સૌની યોજના' હેઠળ મળતો પાણીનો પુરવઠો અચાનક જ બંધ કરી દેવામાં આવ્યો છે. જો આગામી દસેક દિવસમાં નર્મદાના નીર રાબેતા મુજબ શરૂ કરવામાં નહીં આવે, તો રાજકોટમાં ઘેર ઘેર પીવાના પાણી માટે વલખાં મારવાની નોબત આવે તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. પાણીનો પુરવઠો અચાનક અટકી જતાં જળસંકટના વાદળો ઘેરાયા છે, જેના કારણે લોકમુખે ચિંતાનો સૂર ઉઠ્યો છે. બીજી તરફ, તંત્ર દ્વારા પરિસ્થિતિ થાળે પાડવાના પ્રયાસો શરૂ કરી દેવાયા છે. સિંચાઈ અને મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓનો દાવો છે કે ટેકનિકલ કારણોસર આ પુરવઠો ખોરવાયો છે અને આગામી ૪ થી ૫ દિવસમાં જ નર્મદાના નીર પુનઃ શરૂ કરી દેવામાં આવશે. હવે જોવું એ રહેશે કે તંત્ર પોતાના દાવા મુજબ ૪-૫ દિવસમાં પાણી આપવાનું શરૂ કરે છે કે પછી રાજકોટવાસીઓને દસ દિવસ સુધી કોરા ધાકોર રહીને મોટા જળસંકટનો સામનો કરવો પડશે.

રાજકોટ શહેરમાં હાલ પાણીની સ્થિતિને લઈને ચિંતાજનક ચિત્ર ઉપસી રહ્યું છે. નર્મદાના નીર આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં પહોંચાડવાની કામગીરી ટેકનિકલ કારણોસર છેલ્લા ત્રણેક દિવસથી સ્થગિત કરી દેવામાં આવી છે, જેના કારણે આગામી દિવસોમાં શહેરમાં પીવાના પાણીનું મોટું સંકટ ઉભું થવાની ભીતિ સેવાઈ રહી છે. સિંચાઈ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્ય સરકારે અગ્રતા ક્રમ નક્કી કરીને સૌથી વધુ ગંભીર સ્થિતિ ધરાવતા પોરબંદર અને દ્વારકા જિલ્લાને સૌપ્રથમ નર્મદાનું પાણી ફાળવ્યું છે. ત્યારબાદ જામનગર અને ગોંડલના વેરી તળાવમાં પાણી ઠાલવવાનું શરૂ કરાયું છે. રાજકોટમાં હાલ સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાથી આગામી ૪-૫ દિવસમાં પાણી આપવાની ખાતરી આપવામાં આવી છે, પરંતુ ચોક્કસ તારીખ આપવાનું ટાળવામાં આવી રહ્યું છે. મનપાના વોટરવર્ક્સ વિભાગના અધિકારી કે. પી. દેથરીયાના જણાવ્યા મુજબ, આગામી ૪-૫ દિવસમાં સૌપ્રથમ આજી-૧ અને ત્યારબાદ ન્યારી-૧ ડેમમાં સૌની યોજના અંતર્ગત પાણી છોડવામાં આવશે. હાલ ડેમોમાં એક મહિનો ચાલે તેટલો જળજથ્થો ઉપલબ્ધ હોવાથી તાત્કાલિક કોઈ મુશ્કેલી નથી, તેમજ ભાદરની લિંક અલગ હોવાથી તેના કારણે રાજકોટનું પાણી બંધ થયું હોવાની વાત પાયાવિહોણી છે.

બીજી તરફ, આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં સ્થાનિક નેતાગીરીની નિષ્ક્રિયતા સામે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ગાંધીનગરમાં રાજકોટના હિતમાં મજબૂત રજૂઆત કરવામાં સ્થાનિક જનપ્રતિનિધિઓ, ધારાસભ્યો અને સાંસદ નિષ્ફળ નીવડ્યા હોવાના સવાલો ઉઠી રહ્યા છે. જો આગામી દિવસોમાં ત્વરિત નિર્ણય લઈને રાજકોટને નર્મદાના નીર ફાળવવામાં નહીં આવે, તો શહેરના નાગરિકોએ દૈનિક પાણી વિતરણમાં મોટા કાપ અને પીવાના પાણીની વિકટ સમસ્યા વેઠવાનો વારો આવશે.